RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 324* Date: 21.09.2021 Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### જીપીસીબી જાણે ઘોર નિંદ્રામાં હોય તેવી નિતી

## અમદાવાદમાં કેમિકલ માફિયાઓ દ્વારા પર્યાવરણને તબાહ કરાયો



અમદાવાદ, તા.૨૦

કેમિકલ બનાવતી ફેક્ટરીઓ પ્રદૂષણના મામલે જીવતા બોંબ સમાન હોય છે. સૌથી વધુ પ્રદૂષણ આ ફેક્ટરીઓમાંથી ફેલાતું હોય છે. ત્યારે તેના કારણો જોઈએ તો મંજૂરી કરતાં અનેકગણું ઉત્પાદન કરવુ એ એક કારણ છે. અનેક ફેક્ટરીઓમાં ઈટીપી કાર્યરત્ નથી હોતા. અથવા તો અંશતઃ કાર્યરત્ હોય છે. એપીસીડી પણ ચાલતું નથી હોતું. એફલ્યુઅન્ટને બાયપાસ કરાતું હોય છે. મંજૂરી વગરની અનેક પ્રોડક્ટ્સ બનાવાતી હોય છે. હાનિકારક કચરાનો ગેરકાયદે નિકાલ કરાતો હોય છે. વાસણ બનાવતા કારખાનાઓ અને ઈલેક્ટ્રોપ્લેટિંગ કરતાં કારખાનાઓ પૈસાની લાલચે મંજુરી કરતાં અનેકગણું ઉત્પાદન કરતાં હોય છે. એફલ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ જેવું કશું હોતું જ નથી. એફલ્યુઅન્ટને બાયપાસ કરી દેવાતું હોય છે. તેમજ વાસણ ધોવા માટે વપરાતું અને ઈલેકટ્રોપ્લેટિંગમાં વપરાતું એસિડ વપરાશ બાદ ગેરકાયદે ડ્રેનેજમાં કે રીવર્સ બોર કરીને છોડી દેવામાં આવતું હોવાના લીધે પ્રદૂષણ ફેલાય છે.પર્યાવરણની સમતુલા ખોરવાવાથી ગ્લોબલ વોર્મિંગ જેવી વૈશ્વિક સમસ્યા પેદા થઈ છે. જળ, વાયુ અને જમીનનું પ્રદૂષણ એટલું વધી ગયું છે કે કુદરતે તેનો સ્વભાવ છોડી દીધો છે. જેના લીધે આરબ દેશોમાં બરફવર્ષા થઈ રહી છે. ગ્લેશિયર સતત પીગળી રહ્યાં છે. ગ્રીનલેન્ડમાં ૨૭ જુલાઈએ ગ્લેશિયર પીગળતાં એક જ દિવસમાં ૨૨ ગીગા ટન બરફ પીગળીને સમુદ્રમાં સમાઈ ગયો છે. અતિવૃષ્ટિ થાય છે. વિશ્વનું સરેરાશ તાપમાન વધી રહ્યું છે. જેના લીધે સતત લીલાછમ રહેતાં પ્રદેશો દુષ્કાળની ઝપેટમાં આવી ગયા છે. જ્યાં સતત વરસાદની અછત રહેતી હતી એવા વિસ્તારોમાં વરસાદ માઝા મૂકીને તબાહીનું મંજર સર્જી રહ્યો છે. ક્યાંક ભીષણ ગરમી પડી રહી છે તો ક્યાંક ભયાવહ હોનારત સર્જાઈ રહી છે. વિશ્વના દરેક દેશ ગ્લોબલ વૉમિંગની અસરો ખાળવા અનેક પગલાંઓ લઈ રહી છે. છતાં કુદરત હજુ મચક નથી આપતી. કારણ કે આપણે જેટલું પર્યાવરણ સુધારીએ છીએ તેના કરતાં અનેકગણું બગાડી રહ્યા છીએ. ક્ષમતા અને મંજૂરી કરતાં અનેકગણું ઉત્પાદન થઈ રહ્યું છે. અનેક કારખાનાઓમાં ઈટીપી કાર્યરત્ નથી હોતા. અથવા તો અંશતઃ કાર્યરત્ હોય છે. એપીસીડી પણ ચાલતું નથી હોતું. એફલ્યુઅન્ટને બાયપાસ કરાતું હોય છે. મંજૂરી વગરની અનેક પ્રોડક્ટ્સ બનાવાતી હોય છે. હાનિકારક કચરાનો ગેરકાયદે નિકાલ પણ કરાતો હોય છે. વપરાયેલા કેમિકલનો ગેરકાયદે નિકાલ અને હાનિકારક કેમિકલના અતિ ઉપયોગથી પ્રદૂષણ ફેલાય છે. કોઈપણ રાજ્ય વિકાસ ઝંખતું હોય છે. પરંતુ વિનાશના સહારે વિકાસ ન હોવો જોઈએ. જ્યારે વિનાશના સહારે વિકાસ સાધવામાં આવે ત્યારે તે વિકાસ કોઈ કામનો રહેતો નથી. પ્રજાને આવા વિકાસના ફળ હંમેશા કડવા લાગે છે. અમદાવાદમાં કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ, ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રીઝ અને પ્રોસેસ હાઉસ બિઝનેસ ખુબ જ ફૂલ્યો ફાલ્યો છે. પરંતુ આ બધાની વચ્ચે પર્યાવરણનું બેરહેમીથી નિકંદન કાઢવામાં આવી રહ્યું છે. પર્યાવરણની સુરક્ષાની જેમની જવાબદારી છે એવા ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડની છાતી પર જ બેસીને કેમિકલ માફિયાઓ પર્યાવરણને તબાહ કરી રહ્યાં છે. કરોડોની કાળી કમાણીના મોહમાં અંધ બનેલા જીપીસીબીએ નીતિ-નિયમોનો અમલ કરાવવાના મામલે આંખે પાટા બાંધી લીધા છે. ત્યારે કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ અને પ્રોસેસ હાઉસ ઈન્ડસ્ટ્રીઝના માફિયાઓ જીપીસીબી સાથે મળીને કેવી રીતે પર્યાવરણને તબાહ કરી રહ્યા છે તેનો સવિસ્તાર અહેવાલ સંદેશ પ્રસ્તુત કરી રહ્યું છે. અમદાવાદના ઓઢવ, નરોડા, નારોલ, વટવા, દાણીલીમડા અને ચાંગોદર તથા સાણંદમાં ટેક્સ્ટાઈલ, ડાય અને ડાય કેમ, પેસ્ટિસાઈડ, ફાર્માસ્યુટિકલ, ઝેરી કેમિકલ, જ્વલનશીલ કેમિકલ, મેટલ ફિનિશિંગ, ઈલેક્ટ્રોપ્લેટિંગ તથા કાપડની પ્રોસેસ હાઉસ ઈન્ડસ્ટ્રીઝ ખુબ મોટા પ્રમાણમાં વિકસી છે. પરંતુ આ તમામ ઉદ્યોગોમાંથી નીકળતું ઝેરી કેમિકલ વાળું પાણી, ઝેરી ધુમાડો, ગંદી વાસ, કે ઘન હાનિકારક કચરો પર્યાવરણને ખૂબ મોટા પ્રમાણમાં નુકસાન પહોંચાડી રહ્યાં છે. જેના કારણે પર્યાવરણનું સમતોલન ખોરવાઈ રહ્યું છે. પર્યાવરણને નુકસાન ન થાય તે માટે દરેક ઈન્ડસ્ટ્રીઝ માટેના વિશેષ નિયમો છે. દરેક ઈન્ડસ્ટ્રીઝ પર્યાવરણને લગતાં નિયમો પાળે તે જોવાની જવાબદારી ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડની છે. પરંતુ ઍઝરમ્ પર્યાવરણની જાળવણીની ચિંતા કરવાના બદલે પોતાના ખિસ્સાની વધુ ચિંતા કરતું હોવાથી પ્રદૂષણ ફેલાવનારા ઉદ્યોગોને પ્રદૂષણ ફેલાવવાનો જાણે પીળો પરવાનો મળી ગયો છે. વટવા, ઓઢવ, દાણીલીમડા વિસ્તારમાં હવે જમીનમાંથી લાલ, લીલું કલરવાળું પાણી આવવા લાગ્યું છે. છ પ્રકારની ઈન્ડસ્ટ્રીઝમાં સૌથી વધુ પ્રદૂષણ ફેલાય છે. સૌ પ્રથમ ટેક્સ્ટાઈલ ઈન્ડસ્ટ્રીઝ જોઈએ તો ટેક્સ્ટાઈલના કારખાનાઓમાં ઓવર પ્રોડક્શનના લીધે પ્રદૂષણ ફેલાઈ રહ્યું છે. આ ઉપરાંત એફલુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (ઈટીપી) ચાલતો ન હોય, કે અંશતઃ ચાલતો હોય તે કારણ પણ જવાબદાર છે. એર પોલ્યુશન કન્ટ્રોલ ડીવાઈસ (એપીસીડી) બિનકાર્યરત્ હોવાથી તેમજ એફલુઅન્ટને બાયપાસ કરવાના લીધે પ્રદૂષણ વધુ ફેલાઈ રહ્યું છે. ડાયઝ અને ડાયઝ ઈન્ટરમીડિયેટ્સના કારખાનાઓમાં મંજૂરી કરતાં અનેકગણું ઉત્પાદન થઈ રહ્યું છે. અનેક કારખાનાઓમાં ઈટીપી કાર્યરત્ નથી હોતા. અથવા તો અંશતઃ કાર્યરત્ હોય છે. એપીસીડી પણ ચાલતું નથી હોતું. એફલ્યુઅન્ટને બાયપાસ કરાતું હોય છે. મંજુરી વગરની અનેક પ્રોડક્ટ્સ બનાવાતી હોય છે. હાનિકારક કચરાનો ગેરકાયદે નિકાલ પણ કરાતો હોય છે. હાનિકારક કેમિકલના અતિ ઉપયોગના લીધે પણ પ્રદૂષણ ફેલાય છે.

## સગર્ભા સ્ત્રીઓના રસીકરણ અંગે સરકાર પાસે સુપ્રીમ કોર્ટે જવાબ માંગ્યો !

દિલ્હી ,તા.૨૦

સુપ્રીમ કોર્ટે દિલ્હી કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સની અરજી પર કેન્દ્રને નોટિસ ફટકારી છે, જેમાં સગર્ભા અને સ્તનપાન કરાવતી મહિલાઓ માટે વધારાની સુરક્ષાની માંગણી કરવામાં આવી છે. જેમ કે કોરોના રસી લીધા પછી સતત દેખરેખ રાખવાની માંગ. ડીસીપીસીઆર તરફથી હાજર રહેલા વકીલ વૃંદા ગ્રોવરે રજૂઆત કરી હતી કે, કેન્દ્રએ સગર્ભા સ્ત્રીઓ અને સ્તનપાન કરાવતી માતાઓને રસીકરણ માટે ચોક્કસ માર્ગદર્શિકા જારી કરી છે, પરંતુ હવે એવું કહેવામાં આવી રહ્યું છે કે રસીકરણને કારણે તેમના પર કેટલીક વિપરીત અસર પડી શકે છે. વધુમાં ઉમેર્યું હતું કે, આ પરિસ્થિતિમાં મહિલાઓને ઉચ્ચ જોખમવાળી કેટેગરી તરીકે જાહેર કરવાની જરૂર છે, કારણ કે આ લોકો એવા વાયરસ સાથે કામ કરી રહ્યા છે જેના વિશે તેઓ વધુ જાણતા નથી, તેમના પર રસીકરણની અસરો પર સતત સંશોધનની જરૂર છે. આ સાથે યોગ્ય દેખરેખ માટે ગર્ભવતી અને સ્તનપાન કરાવતી માતાઓની રજિસ્ટ્રી માટે એક પ્લેટફોર્મ બનાવવાની પણ જરૂર છે, જે બાદ બેન્ચે કેન્દ્રને નોટિસ પાઠવી અને બે સપ્તાહમાં તેનો જવાબ માંગ્યો. સુપ્રીમ કોર્ટે સોલિસિટર જનરલ તુષાર મહેતા પાસેથી સગર્ભા સ્ત્રીઓ અને સ્તનપાન કરાવતી માતાઓના રસીકરણ માટે ઘડવામાં આવેલી નીતિ અને આગળ શું પગલા લઈ શકાય તે અંગે જવાબ માંગ્યો છે.સુપ્રીમ કોર્ટેસોમવારે કેન્દ્રને ગર્ભવતી અને સ્તનપાન કરાવતી મહિલાઓને હાઈ-રિસ્ક કેટેગરી જાહેર કરવા અને કોરોના રસીકરણને પ્રાધાન્ય આપવાની માગણી કરતી અરજી પર સુનાવણી કરવા સંમતિ આપી હતી.

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ
સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે, એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
BM MAGIC WATERPROOFING
9624163945(M)
8690089211(W)
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.
ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

### વેસ્ટ કચરામાંથી ઊર્જા ઉત્પન્ન કરતી ઍબેલોન વેસ્ટ ટુ એનર્જી કંપની ગાંધીનગરની મુલાકાતે

## ઍબેલોન ક્લીન એનર્જી કપંનીના ડાયરેક્ટર ડો. અમિત જાની અને તેમની ટીમ દ્વારા નવનિયુક્ત મંત્રીમંડળની શુભેચ્છા મુલાકાત લીધી હતી

ગાંધીનગર , તા.૨૦

ગાંધીનગર ખાતે તાજેતરમાં જ નવા નિયુક્ત થયેલ મંત્રીઓએ પોતાનો ચાર્જ સંભાળી લીધો છે ત્યારે ઍબેલોન ક્લીન એનર્જી કપંનીના ડાયરેક્ટર ડો. અમિત જાની અને તેમની ટીમ દ્વારા નવનિયુક્ત મંત્રીમંડળની શુભેચ્છા મુલાકાત લીધી હતી. જેઓ આજે બપોરના સુમારે અમદાવાદથી ગાંધીનગર નવા સચિવાલયમાં ફાળવામાં આવેલ નવનિયકતુ મંત્રીઓની ઓફિસે તેમની શુભેચ્છા મુલાકાત લીધી હતી અને આવનારા સમયમાં આ નવનિયુક્ત મંત્રીઓ



દ્વારા ઉત્તરોત્તર પ્રગતિ કરે અને સમાજ કલ્યાણના કામ કરે જેથી ગુજરાત સરકાર એક ખરા અર્થે પ્રજાલક્ષી સરકાર સિદ્ધ થાય તેવી શુભકામના સાથે ઍબોલોન ક્લીન એનર્જી કંપનીના ડાયરેક્ટર ડો. અમિત જાની દ્વારા તમામ મંત્રીઓને મંત્રીમંડળ મળતા ખુબ ખૂબ અભિનંદન આપ્યા હતા. અમદાવાદની ઍબેલોન ક્લીન એનર્જી કંપની વેસ્ટ કચરામાંથી ઊર્જા ઉત્પન્ન કરનાર એકમાત્ર ગુજરાતની કંપની છે. ઍબેલોન ક્લીન એનર્જી કંપની દ્વારા પાંચ મહાનગરમાં કાર્યરત છે જેમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત અને જામનગરમાં કાર્યરત છે આ કંપની કચરામાંથી ઉર્જા ઉત્પન્ન કરવાના પાવર પ્લાન્ટ લગાવી રહી છે આ કંપની દ્વારા ગુજરાતમાં આગામી સમયમાં ૧૨૦૦ થી ૧૩૦૦ કરોડનું ઈન્વેસ્મેન્ટ કરવા જઈ રહી છે.

## સ્પેનમાં ભયાનક જ્વાળામુખી ફાટ્યો

મૈડ્રિડ, તા.૨૦

સ્પેનમાં જ્વાળામુખી ફાટવાના પગલે અહીંની સ્કુલ સોમવારે બંધ રહેશે. લાવાના પ્રવાહે એપી ૨૧૨ રસ્તાને કાપી નાંખ્યો છે અને તેના કારણે ચાર રસ્તાઓ પણ પ્રભાવિત થયા છે. આ રસ્તાઓને બંધ કરી દેવામાં આવ્યા છે.

લોકોને ઘરમાં રહેવાની સલાહ આપવામાં આવી છે. જ્વાળામુખીની રાખથી પ્રભાવિત થતા અટકાવવા માટે ફળો અને શાકભાજીને ધોવા અને દરવાજાઓને બંધ રાખવાની સલાહ આપવામાં આવી છે. ટેનેરિફ ફાયર બ્રિગેડના બાર યુનિટ સહાયતા માટે દ્વીપ પહોંચી ગયા છે.

## ડો. જયેશ પરમારની ગુજરાત આયુષના ડાયરેક્ટર પદે નિમણુંક

રાજકોટ ,તા.૨૦

વૈદ્યરાજ જયેશ પરમારે આપ્યા છે. તેનુ લીસ્ટ તો ઘણુ લાંબુ છે. પરંતુ આ બાબતે તેનું માનવતાવાદી વલણ હૃદયસ્પર્શી છે. દર્દીઓની સારવાર સાથે સાથે રાજકોટને ઍક સર્વોતમ આયુર્વેદ હોસ્પિટલ આપવાનું કાર્ય સરકારના માર્ગદર્શન તળે વૈદ્યરાજ પરમારે કયુ છે. જે પેઢીઓ સુધી લોકો યાદ કરશે. આ હોસ્પિટલમાં પંચકર્મ સારવાર ઉપલબ્ધ છે જેનુ લોકાપર્ણ ૨૦૧૪માં ગુજરાત રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ દ્વારા કરવામાં આવેલ.

શ્રીમતી આનંદીબેન પટેલે વૈદ્યરાજ પરમાર અને તેના ધર્મપત્નિ વૈદ્ય ચૈતાલી પરમારની સેવાઓને ઍક ઉતમ સેવાકાર્ય કરનાર ઍવા તબીબ દંપતિનો ઉલ્લેખ કરી બહુમાન કરેલ. આ હોસ્પિટલમાં નિર્માણમાં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી, કર્ણાટકના તત્કાલીન રાજયપાલ શ્રી વજુભાઇ વાળા તથા ધારાસભ્યશ્રી ગોવિંદભાઇ પટેલ અને ડો. વલ્લભભાઇ કથીરીયાનો સારો ઍવો આ હોસ્પિટલની પ્રસિધ્ધીમાં વૈદ્યરાજ પરમારે રાજકોટની વિવિધ સ્કુલો તથા વિવિધ ટ્રસ્ટો અને સરસ્વતી શિષુ મંદીર વગેરેના સહઆયોજનથી અને ૨૦૦૩-૨૦૦૪ (વૈદ્યરાજ પરમાર નિમણુંક પામ્યા ત્યારથી)માં આયુર્વેદ નિદાન કેમ્પો વનઔષધી પ્રદશનો, ઘરઆંગણાના ઔષધો, પંચકર્મ સારવારની માહિતીઓ દ્વારા ખુબ જ સુંદર આયુર્વેદ જાગૃતિના કાર્યક્રમો તે સમયે કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડો. વલ્લભભાઇ કથીરીયાના સહયોગથી કરવામાં આવેલ.શહેરના સુપ્રસિધ્ધ ઍવા વૈદ્યરાજ શ્રી ડો. જયેશ પરમારની ગુજરાત આયુષના ડાયરેકટર તરીકે નિમણુંક કરવામાં આવી છે.

રાજકોટ- સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ખ્યાતી પ્રા● વૈદ્યરાજ ડો. જયેશ પરમાર કે જે ઍ ૨૦૦૩માં રાજકોટની સરકારી આયુર્વેદ હોસ્પિટલ કરણપરા ખાતે જીપીઍસસી દ્વારા નિમણુંક પામ્યા બાદ સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં પોતાના સચોટ નાડી નિદાન અને આયુર્વેદ પંચકર્મ સારવાર દ્વારા સચોટ પરિણામો આપ્યા છે.

## કેન્દ્ર ૨૦૦ કરોડ ખર્ચ કરશે ભિખારીઓના કલ્યાણ માટે

ન્યુ દિલ્હી ,તા.૨૦

મંત્રાલય દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, આગામી પાંચ વર્ષમાં આ સમગ્ર યોજના પર ૨૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. તેમજ ભિખારીઓના પુનર્વસન માટે ૧૦ વર્ષનો સમય આપવામાં આવશે. આનું કારણ એ છે કે મંત્રાલય માને છે કે જ્યાં સુધી તેમની રહેવાની આદતો સંપૂર્ણપણે બદલાય નહી ત્યાં સુધી તેઓ ભીખ માંગવાનો માર્ગ છોડશે નહીં. આ નિર્ણય ભિક્ષાવૃત્તિમાં તેમના ફરીથી જોડાવાની શક્યતાને દૂર કરવા માટે લેવામાં આવ્યો છે. ૧૦ શહેરોમાં સફળ પાયલોટ પ્રોજેક્ટ પછી, તેને દેશના અન્ય ૧૦૦ શહેરોમાં વિસ્તૃત કરવામાં આઘણી વખત તમે રસ્તા પર, મુસાફરી દરમિયાન, મંદિરો અને અન્ય સ્થળોએ પસાર થતી વખતે મોટી સંખ્યામાં ભિખારીઓ જોયા હશે. ૨-૫-૧૦ રૂપિયાથી તમે તે લાચાર, ગરીબ, લાચાર લોકોની પણ મદદ કરી હશે. પરંતુ ભીખ માંગવાથી તેનું જીવન બદલાશે નહીં. તમે પણ વર્ષોથી જોતા જ હશો. ભિખારીઓના કલ્યાણ માટે સરકાર દ્વારા પ્રયત્નો પણ કરવામાં આવ્યા છે, પરંતુ કોઈ પરિણામ મેળવી શકાયું નથી. હવે કેન્દ્ર સરકારે જીસૈન્ઈ નો નવો તબક્કો શરૂ કર્યો છે એટલે કે ભિક્ષુકોના કલ્યાણ માટે આજીવિકા માટે સીમાંત વ્યક્તિઓ માટે સહાય અને એન્ટરપ્રાઈઝ યોજના. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા ભિખારીઓના પુનર્વસન અને આજીવિકા માટે પગલાં લેવામાં આવશે. ચાલો આ યોજના વિશે વિગતવાર જાણીએ. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા ભીખ માંગતા લોકોનું સંપૂર્ણપણે પુનર્વસન કરવામાં આવશે. આગામી ૧૦ વર્ષ સુધી મંત્રાલય તેમના જીવન, ખોરાક અને શિક્ષણ, આરોગ્ય અને કૌશલ્ય તાલીમનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવશે. હાલમાં, એક પાયલોટ પ્રોજેક્ટ તરીકે, આ યોજના હેઠળ, દિલ્હી સહિત દેશના ૧૦ મોટા શહેરોને ભિખારીઓથી મુક્ત કરવાની તૈયારીઓ ચાલી રહી છે. પસંદ કરેલા ૯ શહેરોમાં ભિખારીઓની ચોક્કસ સંખ્યા જાણવા માટે એક સર્વે કરવામાં આવ્યો છે. મહિલાઓ અને બાળકો સહિત દિલ્હીમાં તેમની સંખ્યા ૨૦ હજારથી વધુ છે. પ્રથમ તબક્કામાં, દિલ્હી સહિત ૧૦ શહેરોમાં, જ્યાંથી કેન્દ્ર સરકારે ભીખ માંગવાનું નાબૂદ કરવાનું કામ શરૂ કર્યું છે, સફળતા પછી, આ યોજના અન્ય શહેરોમાં પણ લાગુ કરવામાં આવશે. આ શહેરોમાં દિલ્હી, મુંબઈ, પટના, ઈન્દોર, ચેન્નઈ, બેંગલુરુ, નાગપુર, હૈદરાબાદ, લખનૌ અને અમદાવાદનો સમાવેશ થાય છે. અગાઉ તેમાં અમદાવાદને બદલે કોલકાતાનું નામ સામેલ હતું, પરંતુ બંગાળની મમતા સરકારના અસહકારને ટાંકીને કેન્દ્રએ કોલકાતાને આ પાયલોટ પ્રોજેક્ટથી અલગ કરી દીધું. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ યોજના હેઠળ દરેક ભિખારીનો સંપૂર્ણ ડેટા તૈયાર કરવામાં આવ્યો છે. તેમાં ભીખ માંગવાની જગ્યા, તેમની શૈક્ષણિક લાયકાત, આરોગ્ય વગેરેની વિગતો છે. તેમાંથી આવા લોકોની સંખ્યા ઘણી વધારે છે, જેમની પાસે તેમની ઓળખ સાથે સંબંધિત કોઈ દસ્તાવેજ નથી. વિગતોના આધારે તેમનું પુનર્વસન કરવામાં આવશે. તેમના શિક્ષણ, કૌશલ્ય વિકાસ, તાલીમ વગેરે માટે કામ ચાલી રહ્યું છે.

## તંત્રી સ્થાનેથી...

# દેશ અને રૂપિયો મજબૂત બનાવવા સ્વનિર્ભર ક્યારે બનીશું.....?

*વડાપ્રધાન મોદીજીએ દેશના લોકોને સ્વ નિર્ભર નો મંત્ર આપ્યો છે. અને જો તેનો સાચા અર્થમાં અમલ કરવામાં આવે તો દેશનો એક પણ વ્યક્તિ કામ વગર ન રહે તે સાથે બેરોજગારીનો પ્રશ્નજ ખતમ થઈ જાય.પરંતુ કોઈ પણ સલાહ આપતા પહેલા તેની શરૂઆત ઘરથી કરવી જોઈએ અને ત્યારે જ તેની અસર આમ પ્રજા પર થાય છે. પરંતુ સ્વનિર્ભરની વાતો વચ્ચે ભારતમાં મોટાપ્રમાણમાં ચીનના ઉત્પાદન ઠલવાય છે. તે સાથે અન્ય દેશોના પણ ઠલવાય છે. જેમાં સોયથી માંડીને તમામ પ્રકારની ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે. ચીન અને અમેરિકા એક બીજાના દુશ્મન છે. તો બંને દેશો વેપાર ક્ષેત્રે હરિફ છે એટલે સુમેળ જાળવી રાખ્યો છે. ચીને આપણા તમામ ધાર્મિક તહેવારો, બાળકોની જરૂરિયાતોને ઊંડાણથી સમજીને જરૂરી ચીજવસ્તુ ભારતમાં ઠાલવી રહ્યું છે. તો સરકાર પણ તેને જે તે કામના કોન્ટ્રાક્ટ આપે છે, તો લેપટોપ, ટેબલેટ સહિતની અનેક ચીજ વસ્તુઓનો ઉપયોગ કરે છે. બીજી તરફ દેશમાં ઉત્પાદન થતી જરૂરી ચીજવસ્તુઓ સરકારે ખરીદીને તેને મહત્વ આપવું જોઈએ તેના સ્થાને સ્વદેશી જાહેર સાહસો વેચી રહી છે તો પછી સ્વનિર્ભર કઈ રીતે બની શકીશુ.....? હા એક સમયે દેશભરમાં સ્વનિર્ભરની સ્થિતિ હતી. પરંતુ ધીરેધીરે આધુનિક ઉપકરણો,વિદેશી ચિઝ વસ્તુઓ દેશમાં આવવા લાગી એટલે સૌપ્રથમ મોટા શહેરોમાં સ્વનિર્ભર ખતમ થયું પછીથી નાના શહેરો પણ આધુનિક ઉપકરણો તરફ દોડતા થઈ ગયા..... છતાં દેશના મોટાભાગના ગામડાઓ સ્વનિર્ભર બનેલા રહ્યા છે જે એક સત્ય હકીકત છે.....!*

*આધુનિક સમયમાં નાના-મોટા શહેરોના મોટાભાગના નાગરિકો સવારે ઊઠે ત્યારથી માંડીને સુવે ત્યાં સુધી મોટાભાગે વિદેશી ચીજવસ્તુઓનો ઉપયોગ કરે છે. જે હકીકત સ્વીકારવી રહી...... આજે દેશભરમાં સવારે ઉઠીને મોટાભાગના કોલગેટ થી બ્રશ કરે છે તો જીલેટથી દાઢી કરે છે, નાહવામાં લક્સ સાબુનો ઉપયોગ કરે છે,તો કપડાં પહેરવામાં અમેરિકાની કંપની પોલોના ટીશર્ટ અને લી નુ પેન્ટ પહેરે છે, ચા કોફીમાં નેસકેફે કોફી અને નાસ્તામાં મેગીદનો ઉપયોગ કરે છે. ચશ્મા રી બેન? ના અને બુટ રીબોક ના પહેરે છે. અને ખિસ્સામાં એપલ આઈફોન, સેમસંગ કે અન્ય વિદેશી મોબાઇલ રાખે છે, અને ઘડિયાળ રાડો ની પહેરે જ્યારે કે વોટ્સએપ અને ફેસબુક માં વાતો કરે, હુંડાઈની કાર કે પછી હોન્ડા નું બાઇક ચલાવે અને મલ્ટીનેશનલ કંપનીમાં નોકરી કરે. લેપટોપ, લોનોવો વાપરે, બપોરનું જમવાનું મેકડોનાલ્ડમાંથી મંગાવે. તે સાથે દિવસભર કોકા કોલા કે પેપ્સી પીધા કરે. અને નોકરીથી ઘરે પરત ફરે ત્યારે બાળકો માટે લાયઝની વેફર લેતો આવે. હોલીડે મા પરિવારને કારમાં બહાર ફરવા લઈ જાય ત્યારે મેકડોનાલ્ડના પીઝા, બર્ગર કે પછી અન્ય ચીજ વસ્તુ ખવરાવે, પછી ઘરે આવી ટીવી ચાલુ કરી સામે બેસી બ્લેક લેબલ ઘુંટડા ભરતા વિચારે કે આપણો રૂપિયો ડોલર સામે નબળો કેમ પડે છે.....,? ગરીબી અને મોંઘવારી કેમ વધી જાય છે.....? પરંતુ એવું નથી વિચારતો કે હું અને મારો પરિવાર વિદેશી ચીજ વસ્તુઓ વાપરીએ છીએ અને તેનો પૈસા વિદેશ જાય છે. પછી ડોલર જ મજબૂત થાયને....? આ કડવી પરંતુ સત્ય વાત છે. ત્યારે દેશના વિકાસ માટે, દેશને વિશ્વ સ્તરે લઇ જવા અને દેશને મજબૂત બનાવવા આમ પ્રજા સાથે સરકારે સ્વનિર્ભર બનવું જરૂરી છે.....!*

*વંદે માતરમ્*

## શ્રાદ્ધ પર્વ નિમિતે એનીમલ હેલ્પલાઈનને અનુદાન આપવા અપીલ

# સમગ્ર ભારતમાં નિઃશુલ્ક પશુ સારવાર ક્ષેત્રે ટોચનું સ્થાન ધરાવતી અને જીવદયા ક્ષેત્રે ભારત સરકાર દ્વારા સર્વશ્રેષ્ઠ સંસ્થાનો એવોર્ડ મેળવનાર સંસ્થા કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ : એનીમલ હેલ્પલાઈન




રાજકોટમાં છેલ્લા ૧૭ વર્ષથી સેવારત એનીમલ હેલ્પલાઈનને પવિત્ર શ્રાદ્ધ પર્વ નિમિતે અનુદાન આપવા અપીલ કરવામાં આવી છે. એનીમલ હેલ્પલાઈન રસ્તે રઝળતા, નીરાધાર, બિમાર પશુઓ, રેલવે ટ્રેકમાં ઘવાયેલી ગાયો, રોડ અકસ્માતમાં ઘવાયેલા નાનામોટા પશુ-પંખીઓને વિનામૂલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવે છેલ્લા ૧૭ વર્ષથી કરુણા ફાઉન્ડેશન દ્વારા મૂંગા, બિનવારસી પશુ-પક્ષીઓની વિનામૂલ્યે સારવાર કરતું 'મોબાઈલ પશુ ચિકિત્સાલય', 'એનિમલ હેલ્પલાઈન અને વેટરનરી હોસ્પિટલ' સ્વરૂપે સેવારત કરાયું છે. અત્યાર સુધીમાં ૫,૦૦,૦૦૦ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની સ્થળ ઉપર જ વિનામૂલ્યે, નિષ્ણાંત ડોક્ટરોની ટીમ દ્વારા, ૧૦ (દસ) એમ્બ્યુલન્સ તેમજ બે બાઈક એમ્બયુલન્સ થકી ઓપરેશન સહિતની સારવાર થઈ છે, થતી રહે છે. દર માસે લગભગ ૬,૦૦૦ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની નિષ્ણાંત પશુચિકીત્સકોની ટીમ દ્વારા, સ્થળ પર જ, વિના મૂલ્યે તેઓ સાજા થાય ત્યાં સુધીની સઘન સારવાર કરવામાં આવે છે. બીમાર અને અશકત, અકસ્માતથી ઘવાયેલ પશુ-પક્ષીઓને ગૌશાળા/પાંજરાપોળ/સંસ્થાની જ નિઃશુલ્ક વેટરનરી હોસ્પિટલ માં દાખલ કરવા માટેની વ્યવસ્થા કરવામાં આવે છે. કુતરીઓનાં ૫૫૦ જેટલા સીઝરીયન ઓપરેશન, ૬૭૦ થી વધારે ગૌ માતાનાં હોર્ન કેન્સરના (શીંગડાનું કેન્સર) ઓપરેશન કરવામાં આવ્યા છે. આસ-પાસના ગ્રામ્ય વિસ્તારો તેમજ ગૌશાળામા ૨૫૦ જેટલા પશુ રોગ નિદાન-સારવાર કેમ્પ કરવામાં આવ્યા છે. ઉપરાંત, ભારતનો સર્વ પ્રથમ એવો "પશુ—પક્ષીઓના અંધત્વ નિવારણ માટેનો કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતુ, સતત કરવામાં આવે છે. ગૌશાળાઓમાં વૃક્ષારોપણ અભિયાન, અવેડા તેમજ ચબુતરા બનાવવા– ટ્રેવીસ તેમજ અન્ય સાધન સામગ્રી ફીટ કરાવવી સહીતની પ્રવૃત્તિઓ સતત થતી રહે છે. સૌરાષ્ટ્રના સૌપ્રથમ એવા શ્વાન તથા બિલાડીઓના માટેનાં "દંત ચિકિત્સા કેમ્પ", "ચર્મ ચિકિત્સા કેમ્પ, "નેત્ર ચિકિત્સા કેમ્પ×નું આયોજન કરવામાં આવ્યું હતુ. કતલખાને જતા ગૌવંશ, ગૌમાતા, મરઘા,પક્ષીઓ વિ. ને બચાવવામાં ટ્રસ્ટ આવી પ્રવૃતિઓ કરતી સંસ્થાઓને મદદ રૂપ થાય છે. અનેકવાર માછીમારીની જાળ પકડીને લાખો માછલીઓને બચાવાઇ છે.

સમગ્ર ભારતમાં, ૧૭ વર્ષમા અંદાજે ૧૨,૦૦,૦૦૦ ચકલીના માળા, પક્ષીના પાણી પીવાના કુંડાનુ નિઃશુલ્ક વિતરણ કરાયુ છે. ગૌમાતાની પાણી પીવાની કુંડી સંસ્થા દ્વારા નિઃશુલ્ક આપવામાં આવે છે. સંસ્થા દ્વારા નિઃશૂટક વેટરનરી હોસ્પિટલ પણ ચલાવવામાં આવે છે. જુની શ્રી ગૌશાળા(ગોંડલ રોડ, તુલીપ પાર્ટી પ્લોટ પાછળ, વાવડી, રાજકોટ) ખાતે તેમજ શ્રેણી મેમોરિયલ ટ્રસ્ટ, ન્યુ શ્રેયસ સ્કૂલ સામે, શેઠનગરની બાજુમાં, પ્રિન્સેસ સ્કૂલનાં ગ્રાઉન્ડની પાછળ, નાગેશ્વર તીર્થ સામે, માધાપર ચોકડી પછી, એફ.સી.આઈ. ગોડાઉન રોડ, જામનગર રોડ, રાજકોટ ખાતે સંસ્થાની નિઃશુલક વેટરનરી હોસ્પિટલ અને શેલ્ટર (પાંજરાપોળ) માં અંદાજે ૧૨૦૦ જેટલા બીમાર, અશકત,ઘવાયેલા પશુ-પક્ષીઓને આશ્રય, સારવાર સતત, દરરોજ મળે છે. આ હોસ્પિટલમાં ઓપીડી રૂમ, ઓપરેશન થીયેટર, સ્ટાફ ક્વાટર્સ બડ હાઉસ, ગૌશાળા, ચબુતરો, અવેડો સહિતની અનેક સુવીધાઓ ઉપલબ્ધ છે. આ હોસ્પિટલમાં ઓપરેશન સહિતની તમામ સુવીધાઓ નિઃશુલ્ક આપવામાં આવે છે. સમગ્ર સૌરાષ્ટ્રની ગૌશાળા-પાંજરાપોળોને આ નિઃશુલ્ક સુવિધાનો લાભ મળે છે. કોરાનાનાં ૩ મહિનાનાં લોકડાઉનનાં સમયગાળા દરમ્યાન દોઢ કરોડ રૂપીયાનાં માતબર ખર્ચે અને ૯ કંટ્રોલ રૂમો દ્વારા રાજકોટ અને આસપાસનાં ૪૦ કિ.મી. નાં વિસ્તારમાં અબોલ જીવોને ખોરાક, પાણી, સારવાર પહોંચાડવામાં સંસ્થા નિમીત બની હતી. દુષ્કાળ સમયે ૭ કેટલ કેમ્પોનાં માધ્યમથી ૬,૦૦૦ જેટલી ગૌમાતા,ગૌવંશનાં નીભાવમાં સંસ્થાનાં અગ્રણીઓ નીમીત બન્યા હતા. સંસ્થા દ્વારા વિશ્વનું સૌપ્રથમ એવું પશી-પક્ષીઓ માટેનું રોજીંદુ "હરતુ ફરતુ અન્નક્ષેત્ર× ચલાવવામાં આવે છે. જેમાં શહેરમાં વિવિધ સ્થળોએ, વિવિધ ચબૂતરાઓમાં પક્ષીઓને ઋતુ અનુસાર ૩૦૦ કિ.ગ્રા. ચણ દરરોજ આપવામાં આવે છે. ૧૫ જેટલા વિસ્તારોમાં રોજ ૧૬૦ લીટર દુધ અને ૭૦ કિલો લોટની રોટલીનું ભોજન, ૭૦૦ થી વધુ શ્વાનોને પીરસવામાં આવે છે. નાના જીવને પણ ખોરાક મળી રહે તે માટે દરરોજ કિડીઓને ૨૦ કિ.ગ્રા. કીડીયારૂ પુરવામાં આવે છે. કાગડા-કાબર ને અનુકુળ ફરસાણ પીરસાય છે. લોટની ૫૦ કિ.ગ્રા. ગોળી બનાવી દરરોજ માછલીને આપવામાં આવે છે. વેરાવળ, જામનગર, જુનાગઢ, સુરેન્દ્રનગર, મહુવા,ચોટીલા, મોરબી, બોટાદ, દિવ, ભાવનગર, દ્વારકા, થાન સહીતનાં શહેરોમાં એનીમલ હેપલાઈનનો શુભારંભ કરાવવામાં સંસ્થા નિમીત બની છે. સમગ્ર ગુજરાત તેમજ સમગ્ર ભારતમાં, વિશ્વમાં હેલ્પલાઈન ચાલુ થાય તેવો સંસ્થાનું ધ્યેય છે. આ પ્રકારની અનુદાન અંગે વિવિધ તીથી યોજના પણ કાર્યરત છે. સંસ્થા ને કોઈ કાયમી ભંડોળ નથી કે કોઈ નીયમીત આવકનું સાધન નથી, સંસ્થા પ્રવર્તમાન મોંઘવારીની સ્થિતીના હિસાબે,ગૌ સેવા જીવદયા પ્રવૃતીઓનો નિર્વાહ કરવો ખુબ મુશ્કેલ બન્યો છે. કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈનનાં મિતલ ખેતાણી (મોઃ ૯૮૨૪૨ ૨૧૯૯૯), પ્રતિક સંઘાણી (મો.૯૯૯૮૦૩૦૩૯૩) પર ફોન કરવાથી આપને ત્યાંથી અનુદાન સ્વીકારવાની વ્યવસ્થા કરાશે. સંસ્થાનાં પ્રમુખ તરીકે મિતલ ખેતાણી, ટ્રસ્ટીઓ ધીરૂભાઈ કાનાબાર, ઘનશ્યામભાઇ ઠકકર, સેક્રેટરી પ્રતિક સંઘાણી, રમેશભાઈ ઠકકર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ સેવા આપે છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સંસ્થાને અનેક એવોર્ડસ મેળવવાનું સદભાગ્ય પ્રાપ્ત થયું છે.

સમગ્ર ભારતમાં પશુ સારવાર ક્ષેત્રે ટોચનું સ્થાન ધરાવતી અને જીવદયા ક્ષેત્રે ભારત સરકાર દ્વારા સર્વશ્રેષ્ઠ સંસ્થાનો એવોર્ડ મેળવનાર સંસ્થા કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ એનીમલ હેલ્પલાઈન અત્યાર સુધીમાં સમગ્રપણે ૨૨ કરોડ અને વાર્ષીક ત્રણ કરોડનાં માતબર ખર્ચે સેવારત આ સંસ્થાને પવિત્ર શ્રાદ્ધ પર્વ નિમિતે અનુદાન આપવા અપીલ કરવામાં આવી છે. સંસ્થાની વ ે બ સ ા ઈ ટ (www.annalhelpline.in) ની તથા facebook.com/animalhelplinekarunafoundation મુલાકાત લેવા વિનંતી કરાઇ છે. વેબસાઈટ પર ઓનલાઈન ડોનેશન સ્વીકારવાની પણ વ્યવસ્થા કરાઈ છે. સંસ્થા દ્વારા નાની સાઇઝની આકર્ષક દાન પેટી તૈયાર કરાઇ છે જે આપના ધંધાના સ્થળે/ઘરે મુકી થયા શક્તિ અનુદાન આ પેટીમાં નંખાવી શકાય છે. અનુદાન પેટી મેળવવા તેમજ દર મહિને ફીકસ, સ્વૈચ્છીક અનુદાન આપવાની યોજનામાં ભાગ લેવા મિતલ ખેતાણી (મોઃ ૯૮૨૪૨ ૨૧૯૯૯), પ્રતિક સંધાણી (મો. ૯૯૯૮૦ ૩૦૩૯૩)નો સંપર્ક કરવો. સંસ્થાને મળતું દાન આવક વેરા મુકિત પ્રમાણપત્ર ૮૦ જી કલમ હેઠળ ધરાવે છે. સંસ્થા વિદેશથી મળતું દાન સ્વીકારવાનું લાયસન્સ FCRA હેઠળ ધરાવે છે. સંસ્થાની બેંક ડીટેઈલ્સ બેંક ઓફ બરોડા (રાજકોટ મેઈન, રાજકોટ) A/c No. 03600100026705 તથા RTGS/NEFT IFSC CODE BARB0RAJKOT. ચેક/ડ્રાફ્ટ 'શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ' ના નામનો બનાવવો.

# ગાંધીનગરના કોલવડામાં 'આપ'ની જન સભામાં પથ્થરમારો

ગાંધીનગર, તા.૨૦

આમ આદમી પાર્ટી દ્વારા કોલવડા ગામ ખાતે જનસભા તેમજ વિજય સુવાળાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીના સમર્થનમાં જનમેદની ઉમટી પડી હતી. એ વખતે જ અચાનક સભામાં પથ્થરમારો શરૂ થઈ ગયો હતો અને થોડી વારમાં ખુરશીઓ ઉછળતા હાજર જનમેદનીમાં નાસભાગ સાથે ભયનો માહોલ છવાઈ ગયો હતો.પ્રજા અમને કહી રહી છે કે, પ્રચારમાં આવતા માણસોની બોલી પરથી તેઓ બહારના હોય તેવું જણાઈ આવે છે. ગાંધીનગરમાં આમ આદમી પાર્ટી પાસે એટલા કાર્યકરો પણ નથી. જેથી બહારથી ભાડૂતી માણસો લાવીને પ્રજાને ગેરમાર્ગે દોરી રહી છે. સમગ્ર મુદ્દે આપ દ્વારા ભાજપ પર સીધો આક્ષેપ કરાયો છે જોકે ચાર-પાંચ દિવસ પહેલાં આપના નેતાઓ અને કેટલાક ગ્રામજનો વચ્ચે થયેલી માથાકૂટ પર હાલ ચર્ચાનું કેન્દ્ર બની છે. રામાપીરના નેજાના ભજનો સમયે ગામમાં એક જગ્યાએ લાઉડ સ્પીકર વાગતા હતા. આ સમયે ગામમાં આપના નેતાઓની બેઠક ચાલી રહી હતી. જેને પગલે તેઓએ જઈને લાઉડસ્પીકર બંધ કરાવી દીધા હતા. જે મુદ્દે કેટલાક ગ્રામજનો અને આપના નેતાઓ વચ્ચે માથાકૂટ થઈ હતી. જોકે તે સમયે મામલો થાળે પડી ગયો હતો, શનિવારે સભામાં પથ્થરમારો થતાં આ માથાકૂટ પણ ચર્ચાનું કેન્દ્ર બની હતી. આપમાં ચાલી રહેલી ચર્ચા મુજબ ભાજપના એક મહિલા ઉમેદવારના માથાભારે પતિનો પણ આ ઘટનામાં હાથ હોઈ શકે. ભાજપના આ મહિલા ઉમેદવારના પતિનું નામ જુગારધામના સંચાલક તરીકે પોલીસ ચોપડે નોંધાયેલું છે છતાં ભાજપ દ્વારા વિસ્તારમાં રહેલી ધાકને જોતા ટિકિટ અપાયાની ચર્ચા છે. ભાજપના બે મહિલા ઉમેદવારો એવા છે જેમના પતિઓના નામ પોલીસ ચોપડે જુગારધામના સંચાલક તરીકે નોંધાયેલા છે.ગાંધીનગરમાં ગઈકાલે રાત્રે કોલવડા ગામ ખાતે આમ આદમી પાર્ટીની યોજાયેલી જન સભા દરમિયાન અચાનક પથ્થરમારો થયા બાદ ખુરશીઓ ઉછળતાં સભામાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. ત્યારે આજે આમ આદમી પાર્ટીએ સમગ્ર ઘટના માટે ભારતીય જનતા પાર્ટી જવાબદાર હોવાનો આક્ષેપ કરી પ્રદેશ નેતાઓને પોલીસ પ્રોટેક્શન આપવાની માંગણી કરવામાં આવી હતી.

# મંગલ મંદિર સેવા પરિવાર બગોદરા માં તિથિ ભોજન



બગોદરા નજીક હાઈવે ઉપર આવેલા મંગલ મંદિર સેવા પરિવાર બગોદરા માં તા ૧૮/૯/૨૧ને શનિવારે ભગવાનભાઈ અજીભાઈ દાયમા પરિવાર સિમેજ પરિવાર તરફથી તિથિ ભોજન આપવામાં આવેલ આ બાબતે વધારે જાણકારી મળતાં જાણવા મળેલ છે કે મંગલ મંદિર માનવ સેવા પરિવાર બગોદરાના ટ્રસ્ટી દિનેશભાઈ વાડિયા સાથે વાત કરતા આ સંસ્થા માં આશરે ૨૭૩ મેટલી અસ્થિ /ગાંડા ને નિહ સ્વાર્થ ભાવે સાચવવા માં આવે છે આ પવિત્ર જગ્યા પર માનવ સેવા અર્થે સેવા કરવામાં આવે છે જેમાં રોડ ઉપર રખડતા મેટલી અસ્થિર મગજથી ભાઈઓ તથા બહેનો ને લાવિ પરમાથિ કાયો દવાનિ સાથે રહેવા ની મફત સગવડો અને સવારે નવડાવી ધોવડાવિ ચા નાસ્તો ૧૧/૪૫ કલાક ના ટકોરે વિસલ વાગતાં ફુલ જમણવાર બપોરે ચા અને સંધ્યા સમયે ફરજિયાત જમણવાર આપવામાં આવે છે આ સંસ્થા માં પંડપીડાએ દુઃખી નિરાધાર બિનવારસી માનવિઓની માનવિઓની સેવા કરવામાં આવે છે દાતાઓ તરફથી તિથિ ભોજન પણ આપવામાં આવે છે

## બુલડેક્સ વાયદામાં નોંધાયો ૧,૫૩,૯૦૦ યુનિટનો ઉચ્ચતમ ઓપન ઈન્ટરેસ્ટ

# સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ: ક્રૂડ તેલમાં ઘટાડો

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૭૦,૫૭૦ સોદાઓમાં કુલ રૂ.૧૪,૧૨૪.૩૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના સપ્ટેમ્બર વાયદામાં ૧૨૦ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના સપ્ટેમ્બર વાયદામાં ૧૬૬ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

દરમિયાન, ૧૭ સપ્ટેમ્બરને શુક્રવારે એમસીએક્સના બુલિયન ઈન્ડેક્સ (બુલડેક્સ)ના વાયદામાં ૧,૫૩,૯૦૦ યુનિટ એટલે કે ૩,૦૭૮ લોટ્સ (૧ લોટ એટલે ૫૦ યુનિટ)નો ઉચ્ચતમ ઓપન ઈન્ટરેસ્ટ નોંધાયો હતો, જે તેના પ્રારંભથી અત્યાર સુધીનો સૌથી વધુ છે.

સોમવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ પર ૮૧,૦૩૧ સોદાઓમાં કુલ રૂ.૪,૩૭૭.૦૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૫,૯૩૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૬,૧૭૬ અને નીચામાં રૂ.૪૫,૮૮૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮૨ વધી રૂ.૪૬,૦૬૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૪ વધી રૂ.૩૭,૧૭૧ અને ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૩ ઘટી રૂ.૪,૬૦૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૯,૫૩૧ દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૨૦૦ અને નીચામાં રૂ.૫૯,૨૨૨ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૯૬ ઘટી રૂ.૫૯,૭૯૬ બોલાઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨૮૦ ઘટી રૂ.૬૦,૦૩૭ અને ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨૭૨ ઘટી રૂ.૬૦,૦૩૧ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં એમસીએક્સ ખાતે ૧૬,૩૯૭ સોદાઓમાં રૂ.૩,૦૩૯.૩૩ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૪૫ ઘટી રૂ.૨૨૫.૯૦ અને જસત સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૯૦ ઘટી રૂ.૨૫૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે તાંબુ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧૨ ઘટી રૂ.૭૦૯.૧૫ અને નિકલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨૦.૪ ઘટી રૂ.૧,૪૫૧.૫૦ તેમ જ સીસું સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૫ ઘટી રૂ.૧૮૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં એમસીએક્સ ખાતે ૪૬,૦૭૮ સોદાઓમાં કુલ રૂ.૩,૯૩૬.૫૪ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૫,૨૭૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૨૯૩ અને નીચામાં રૂ.૫,૧૭૧ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૮૪ ઘટી રૂ.૫,૧૯૭ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૬.૨૦ ઘટી રૂ.૩૭૬.૨૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં એમસીએક્સ ખાતે ૨,૪૯૮ સોદાઓમાં રૂ.૩૨૫.૯૬ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૧,૩૭૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૩૭૩ અને નીચામાં રૂ.૧૩૭૩ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫.૫૦ ઘટી રૂ.૧,૩૭૩ બોલાઈ રહ્યો હતો. આ સામે રબર સપ્ટેમ્બર વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૭,૨૫૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૭,૨૫૧ અને નીચામાં રૂ.૧૭,૦૫૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૪૨ ઘટી રૂ.૧૭,૦૯૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીપીઓ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૧૧૦.૩૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૨૦.૫૦ અને નીચામાં રૂ.૧૧૦૨ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨.૯૦ ઘટી રૂ.૧૧૧૦ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૪.૮૦ ઘટી રૂ.૯૨૧.૨૦ અને કોટન ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૩૩૦ ઘટી રૂ.૨૫,૨૭૦ બોલાઈ રહ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ ખાતે કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૩,૭૦૨ સોદાઓમાં રૂ.૨,૦૫૭.૯૦ કરોડનાં ૪,૪૬૯.૫૯૩ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૬૭,૩૨૯ સોદાઓમાં કુલ રૂ.૨,૩૧૯.૧૬ કરોડનાં ૩૮૬.૭૫૫ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૩૫૫.૪૫ કરોડનાં ૧૫,૭૫૫ ટન, જસતના વાયદાઓમાં રૂ.૩૩૨.૩૧ કરોડનાં ૧૩,૧૦૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧,૨૦૨.૫૫ કરોડનાં ૧૬,૯૫૭.૫૦૦ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૧,૦૮૭.૯૯ કરોડનાં ૭,૫૩૩ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૬૧.૦૩ કરોડનાં ૩,૩૧૦ ટનનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૧,૧૨૩ સોદાઓમાં રૂ.૧,૦૧૧.૩૮ કરોડનાં ૧૯,૩૬,૭૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૩૪,૯૫૫ સોદાઓમાં રૂ.૨,૯૨૫.૧૬ કરોડનાં ૭,૮૭,૮૭,૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસના વાયદાઓમાં ૩ સોદાઓમાં રૂ.૦.૦૮ કરોડનાં ૧૨ ટન અને કોટનના વાયદાઓમાં ૩૯૬ સોદાઓમાં રૂ.૩૨.૮૩ કરોડનાં ૧૨૯૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૫૦૭ સોદાઓમાં રૂ.૧૯.૯૪ કરોડનાં ૨૧૪.૨ ટન, રબરના વાયદાઓમાં ૨૬ સોદાઓમાં રૂ.૦.૪૮ કરોડનાં ૨૮ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૧,૫૬૬ સોદાઓમાં રૂ.૨૭૨.૬૩ કરોડનાં ૨૪,૭૩૦ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ ખાતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૨૭૫.૦૨૦ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૦૭.૬૪૩ ટન, એલ્યુમિનિયમમાં ૧૭,૦૪૫ ટન, જસત વાયદામાં ૮,૯૭૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૧૨,૧૬૨.૫૦૦ ટન, નિકલ વાયદામાં ૨,૫૭૫.૫૦૦ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૭,૯૦૦ ટન, ક્રૂડ તેલમાં ૪,૪૫,૩૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧,૪૨,૪૫,૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કપાસમાં ૧૫૨ ટન, કોટનમાં ૫૬૬૦૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૭૮.૮ ટન, રબરમાં ૭૫ ટન, સીપીઓમાં ૮૧,૨૬૦ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ ખાતે પ્રથમ સત્ર સુધીમાં ૧,૯૮૪ સોદાઓમાં રૂ.૧૬૪.૯૮ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૮૨૯ સોદાઓમાં રૂ.૬૩.૭૧ કરોડનાં ૯૩૧ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૧,૧૫૫ સોદાઓમાં રૂ.૧૦૧.૨૭ કરોડનાં ૧,૨૭૫ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૨,૮૭૭ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૯૧૩ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૧૩,૬૭૦ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૩,૭૪૦ અને નીચામાં ૧૩,૬૨૦ના સ્તરને સ્પર્શી, ૧૨૦ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૫ પોઈન્ટ ઘટી ૧૩,૬૯૨ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૧૫,૯૬૩ના સ્તરે ખૂલી, ૧૬૬ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૯૯ પોઈન્ટ ઘટી ૧૫,૮૮૫ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ ખાતે ૨૨,૫૮૨ સોદાઓમાં રૂ.૨,૨૮૦.૪૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું, જ્યારે પ્રીમિયમ રૂ.૪૬.૮૩ કરોડનું થયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૫૪.૭૪ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૪.૮૯ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૫૫૯.૩૮ કરોડનાં કામકાજ થયાં હતાં.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની પાંચ રચનાઓ
વિષય :." શિક્ષક દિન રચનાઓ(૨૧-૯-૨૦૨૧)દિવસ - ૪


Jan fariyad & News of Gandhinagar daily
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval


---

NOG SS No : 0091:
પ્રકાર : પદ્ય
માસ્તર એટલે માનું સ્તર, પામવા મથું હું.
ફરજ મારી નિભાવવા, સમર્પિત થાઉં હું.
બાળક સાથે બાળક બની, જીવું થોડું હું.
ત્યાં તો યાદ આવે કે જવાબદારી મારી શું.
એનું હરિયાળું જીવન કરવા, રોજ વરસું હું.
કાળા પાટીએ મારું જીવન, રોજ ઘસુ છું હું.
ભૂલો બધી માફ કરી રોજ સમજાવું હું.
ભાવિ નિર્માણ કાજે, તૈયાર તત્પર હું.
પકડે જો રાહ અવળી તો, સવળી કરું હું.
ભૂલ એની હોય ભલે તો પણ માફ કરુ હું.
અપમાન અને અપશબ્દોનાં ઘા વેઠું હું.
નિર્દોષતાનાં દોષને હસતાં સહુ હું.
નથી મારી કદર છતાં, ખર્ચાવ છું હું.
તોય નથી પામતી સ્થાન, સૌના હૃદયમાં હું.
જિજ્ઞાસા યુ જોષી "શુક"

NOG SS No : 0092
શિક્ષક દિન નિમિત્તે સાદર સમર્પિત....
'કોનું કોનું ઋણ ઉતારું હું?
સમસ્ત જીવન કેટલાંય ઉપકારોથી ભરેલું છે.
એક-બે નામ હોય તો ઠીક,
અહીં તો આખું જીવન પુસ્તક ભરેલું છે.
સાહિત્ય પ્રત્યેની પીપાસાને જાણી,
મને ⬜ર સાથે જોડી.
ડો. અનિરુદ્ધ વ્યાસ સાથેના સંબંધનું વરદાન,
ઈશ્વર પાસેથી મળેલું છે.
⬜યમાં ગૌરવભર્યુ સ્થાન આપીને,
મારી કલ્પનાઓને વિહરવા ગગન આપ્યું.
પ્રદીપજી-મીનાક્ષિજીના નામને
મનની અટારીએ મઢેલું છે.
લખું છું હું,
વિકસવાની કોશિશ કરું છું હર પળે.
મારી કલમને સદૈવ પુષ્પતા આપતા, જયશ્રીજીનું નામ
મારા ઉરમાં ભળેલું છે.
લખાણની છણાવટ કરી સંક્ષિપ્તમાં,
મને દર્પણ દેખાડતા
સદા.
વિભૂતિજીના નામે, મારા વિકાસના પ્રતિભાવોનું પાનું મઢેલું છે.
પોતાના લખાણથી જે પ્રેરિત કરતા,
આદર્શરૂપ બની પ્રોત્સાહિત કરતા.
માયાજી અને જયકાન્તજીનું નામ,
મારા સાહિત્યમાં ભળેલું છે.
ગદ્ય, પદ્યની રસલ્હાણી કરતા,
પ્રસંગોને અનુરૂપ લેખોથી પ્રસંગોને નવાજતા.
મારા ⬜ના સાથીરૂપી સિતારાઓથી,
આખું જીવન નભ મઢેલું છે.
અલકા મહેતા

---

NOG SS No - 0050
શીર્ષક : શિક્ષક દિન
દર વર્ષે ૫ મી સપ્ટેમ્બરે "રાષ્ટ્રીય શિક્ષક દિન "તરીકે ઉજવીએ છીએ..!
શિક્ષક બની હું બગીચાનાં જુદાં જુદાં રંગનાં ફૂલોને સજાવું..!
વિદ્યાર્થીઓને કાંટાળા માર્ગ પર ચાલવા પ્રોત્સાહિત કરું..! મારાં માટે દરેક શિષ્ય સમાન, અને જીવવાનું કારણ સમજાવું...!
શિક્ષિક થાય તે જ વિકસિત થાય..!
શિક્ષામાં પણ ટીચરનો પ્રેમ અને ઉપદેશ સમાયેલો હોય છે..!
બાળકોનાં ઘડતરમાં અનન્ય ફાળો આપવું કર્મ કરું..!
કર્મ કરે જાવ નથી કોઈ અપેક્ષા..!.
બાળકો આગળ આવે એવી તમન્ના..!
સમાજનાં ઘડતરનું અનેરું કાર્ય કરીએ..!
સમાજનું ઘડતર કરનાર , સુશિક્ષિત કરવામાં મોટો ફાળો આપું પ્રેમથી..!
સમગ્ર દેશનો આધાર સ્તંભ ઈમારતનો એક પાયો બનું..!
ક્ષણે ક્ષણે નવું શીખવું..!
દરેક વ્યક્તિનાં ઘડતરનો પાયો..!
માતા અને શિક્ષક તરીકે મારી ફરજ બજાવું..!
મનની સુષુપ્ત શક્તિઓને જગાડું..!
આદર્શ શિક્ષક બની શીષ્યનાં
ભવિષ્યની પ્રણેતા બનું..!
શિક્ષણને પરિપૂર્ણ બનાવવાં માટે માણસ પણ બનવું જ પડે છે ..!
જ્ઞાનનું સીંચન કરીને શિષ્યને વટવૃક્ષની જેમ બનાવવું તટસ્થ..!
મારાં શિક્ષકોને કોટી કોટી વંદન..!
રાગીની શુક્લ "રાગ" મુંબઈ, કાંદિવલી

---

NOG SS No : 0101
પ્રકાર : પદ્ય
વિષયઃ શિક્ષકદિન
શીર્ષક : હું શિક્ષક
આવતી કાલને આજે બનાવું છું
અ અનપઢને જ્ઞ જ્ઞાની હું બનાવું છું
જ્ઞાનના તેજ થી તમ ને ભગાડું છું
સાચખોટાનું ભાન તને કરાવું છું
સપનાને સચ્ચાઇમાં જ બદલું છું
દુનિયા બદલવા સમર્થ બનાવું છું.
સમજના ઘૂંટડા હું પીવડાવું છું
વિજયના રાસડા હું લેવડાવું છું
જિંદગી જીવવાનો રાહ દોરું છું
હું શિક્ષક જ્ઞાનના દીવા પ્રગટાવું છું
( રચના : ભરત સાંગાણી )

---

NOG SS No : 0044
વિષયઃ- શિક્ષક દિન.
પ્રકારઃ- ગદ્ય
શબ્દોઃ-૨૪૦
શીર્ષકઃ- વિવિધ સ્વરૂપે શિક્ષક.

જ્ઞાન આપે એ ગુરૂ.સૌથી પહેલું જ્ઞાન માનાં ઉદરમાંથી જ મળવાનું શરૂ થઈ જાય.મા,જે કંઈ વાંચે,આનુભવે એ બંધ જ ગર્ભનાળ દ્વારા આપણને મળે.માનાં શ્વાસે જ તો આપણું ⬜દય ધબકતું હોય.મા જે ખોરાક લેય એનાં દ્વારા આપણને પોષણ મળે અને આપણી વૃધ્ધિ થાય.

જન્મબાદ શાળામાં જઈએ ત્યાં સુધી માતા તરફથી ઘણું શીખવા મળે,એટલે સૌથી પહેલી ગુરુ આપણી માતા.આજે શિક્ષક દિને વિશ્વની તમામ માતાઓને ⬜દયપૂર્વકનાં પ્રણામ.

શાળામાં શિક્ષક જ્ઞાન આપે.નાનાં બાળકોને માની જેમજ પ્રેમપૂર્વક એકડો ઘૂંટાવે.પહેલી વખત માતાથી અલગ થઈ શાળામાં આવતું બાળક રડતું હોય ત્યારે એને પ્રેમથી છાનું રાખે.માની સમકક્ષ ભૂમિકા ભજવે એટલે જ તો માસ્તર કહેવાય.

શિક્ષક એટલે અક્ષર જ્ઞાન આપે. શિક્ષણક્ષેત્રમાં જોડાયેલાં એ જ શિક્ષક એવું માની એમનું જ બહુમાન થતું હોય પરંતુ આપણે વિશાળ ફલક પર
શિક્ષકનો અર્થ સમજીએ તો ડગલે ને પગલે આપણને કંઈક ને કંઈક શીખવે એ તમામ શિક્ષક જ કહેવાય.

આજકાલ કારકિર્દી બનાવવાની દોડમાં છોકરીઓનું રસોઈક્ષેત્રે અને ઘરગૃહસ્થીનું જ્ઞાન નહીંવત્ એટલે સાસરામાં સાસુ જ એ જ્ઞાન આપે એટલે એ પણ શિક્ષક.

વાહન ચલાવતાં શીખવાડે, સાહિત્યક્ષેત્રે નવું નવું લખતાં શીખવે.જેમકે જોડણીનાં નિયમો, વાર્તા, કવિતા, હાઈકુ, ગઝલ,ગીત વગેરે લખતાં શીખવે કલાક્ષેત્રે, રમતગમતક્ષેત્રે આપણને શીખવાડનાર સૌ આપણાં શિક્ષક.

આજે શિક્ષકદિને ડગલે ને પગલે કંઈક ને કંઈક શીખવનાર દરેક વ્યક્તિને ⬜દયપૂર્વકનાં વંદન.
આજનાં જમાનામાં હું એકલી ન પડી જાઉં, પાછળ ન રહી જાઉં એટલે હંમેશા મને શીખવતાં રહે એવાં મારાં સંતાનોને વહાલ.

સૌનાં દાદીશા જયશ્રીબેન અને માયાદીદી હંમેશા મને શીખવતાં રહે છે એમને
⬜દયપૂર્વકનાં વંદન.
વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

NOG SS No : 0079
વિષય : શિક્ષક દિન
પ્રકાર ગદ્ય
શીર્ષક વંદન
શિક્ષા પણ કરે અને સાચું શિક્ષણ આપે તે શિક્ષક.
જેમનું કાર્ય વિદ્યાર્થી ને જીવનનો સાચો રાહ દર્શાવવાનો છે.
આપણી આજના પાયામાં તેમનું યોગદાન જણાશે.
જો જીવનમાં યોગ્ય શિક્ષક નહી મળ્યા હોય તો તેમાં વ્યક્તિ કરતા તેમનો ફાળો અધિક છે.
માતા અને પિતા જન્મ થતા સાથેના પ્રથમ શિક્ષક.
બીજા નંબરે આવે શાળાના શિક્ષક. જેને આપણા સમાજે 'ગુરુ⬜ની ઉપાધિથી નવાજ્યા છે.
શિક્ષક પોતાનો ધર્મ બજાવે સામે વિદ્યાર્થી પણ શિક્ષા ગ્રહણ કરવાનો આગ્રહી હોવો આવશ્યક છે.
આ પરંપરાને કારણે આપણા દેશમાં શિક્ષક યાને ગુરુને 'દેવ⬜ ની કક્ષામાં મૂક્યા છે.
શિક્ષક જ્ઞાન, ગમ્મત , શિક્ષા અને જીવન જીવવાની સઘળી વિદ્યા પૂરી પાડી વિદ્યાર્થીને કેળવે છે.
તેમનો આદર કરવો એ આપણો ધર્મ છે. જીવનમાં પ્રાપ્ત થયેલ સહુ શિક્ષકોને
વંદન.
પ્રવિણા કડકિયા.હ્યુસ્ટન

માણસ જેવી માણસ છું,મશીન કોઈ ઈલેક્ટ્રીક નથી.
રમત હું રમી શકું પણ, કોઈને હું રમાડતી નથી.
જીતુ અનેક બાજી હું, પણ લાગણીને હરાવતી નથી.
સુખમાં સાથ ભલે ના આપું, દુઃખ આપી રડાવતી નથી.
ખુશી જોઈ બીજાની હું, ક્યારેય દુઃખી થાતી નથી.
આપી ન શકુ કંઈ નહી પણ, દગો ક્યારેય દેતી નથી.
રહું પ્રેમથી સૌની સાથે પણ, લાગણીમાં અટવાતી નથી.
સંબંધ સાચો નિભાવી જાણું, પરજન કોઈને ગણતી નથી.
કલમ મારી દોડે વેગે, તલવાર ક્યારેય બનતી નથી.
દિશા સાચી બતાવું પણ, રસ્તો ક્યારેય ભટકાવતી નથી.



જિજ્ઞાસા યુ જોષી
"શુક"

## નથી મળતી

સાચી લાગણી એમ, જલ્દી નથી મળતી,
મન જો ન હોય મક્કમ, મંઝીલ નથી મળતી!
મેળવી લો કેટલીય ધન દોલત, 'ને મિલકત,
ખરી મુંડી સંસ્કારની, એમ રસ્તે, નથી મળતી!
કહેવાતાં સ્વજનો કે, આપ્તજનોની ભીડમાં,
દિલને, ટાઢક દેતી વ્યક્તિ, સહેલાઈથી નથી મળતી!
ઊગતાં સુરજની લાલીમા, આપે છે નવો જોશ,
ડૂબતાં સુરજની છાયામાં, ખુદની હસ્તી નથી મળતી!
પ્રતિક્ષા ભલે કરી લો, આજીવન, "ચાહત"ની,
નશીબમાં જ ન હોય તો, ખરી ચાહત, નથી મળતી!!
ચાહત



Neha Desai,
(NJ . USA)

# તળાજા પાલિકાની વોર્ડ ૪ અને ૬ ની પેટા ચૂંટણી : આપ, બીજીપી , કોગેસ જંગ જામશે



તળાજા નગર પાલિકાના વોર્ડ ૪ અને ૬ ની બે બેઠકની પેટા ચૂંટણીને લઈને શનિવારે ફોર્મ ભરવાના અંતિમ દિવસે ડમી સહિત નવ ઉમેદવારી પત્રકો ભરાયા હતા. અપક્ષ એક પણ ઉમેદવાર મેદાનમાં નથી. અહીં ત્રીપાંખીયો જંગ ખેલાશે. વોર્ડ-૪ માં ભાજપ અને આમ આદમી પાર્ટીએ કોળી ઉમેદવાર જયારે કોંગ્રેસે વણીક ઉમેદવારને મેદાનમા ઉતાર્યા હતા.

વોર્ડ ૪ની પુરુષ સભ્ય અને વોર્ડ ૬ ની મહિલા અનામત બેઠક માટે શનિવારે ફોર્મ ભરવાના અંતિમ દિવસે કુલ નવ ફોર્મ ભરવામાં આવ્યા હતા. જેમાં ભાજપ તરફ થી વોર્ડ ૪ માટે ધરમશીભાઈ વેગડ,કોંગ્રેસ પક્ષે ચેતનભાઈ મહેતા (આંગડિયા) અને આપ પક્ષે ચેતનભાઈ ચુડાસમાએ ઉમેદવારી નોંધાવી છે. આ બેઠક પર કોળી સમાજના મતો વધુ હોય આપ અને ભાજપ બંને એ કોળી સમાજના ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા છે. તો કોંગ્રેસે અહીં અન્ય મતો ને નજરમાં રાખી વણીક ઉમેદવારને ટીકીટ ફળવી છે.

જ્યારે વોર્ડ ૬ ની મહિલા અનામત બેઠક માટે અહીં બ્રહ્મ સમાજના ૮૦૦ જેટલા મતો હોય ભાજપ કોંગ્રેસ બંને એ બ્રહ્મ સમાજ ના મહિલાને મેદાનમાં ઉતાર્યા છે. જેમાં ભાજપે રેખાબેન ઉપાધ્યાય, કોંગ્રેસે શહેર કોંગ્રેસ અધ્યક્ષ હિરેનભાઈ ત્રિવેદીના પત્ની મયૂરીબેન ત્રિવેદીને ઉતાર્યા છે. અહીં આપ પાર્ટી એ ઓ.બી.સી કાર્ડ ખેલ્યુ છે. આ વિસ્તારમાં દરજી,મિસ્ત્રી સહિત ઓબીસી મતો વધુ છે. આપે ઉષાબેન ચાવડા ને ટીકીટ આપી છે. ખાલી જગ્યા પડી તેમાં એક ભાજપ અને એક કોંગ્રેસના સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા.



સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયંસીસ ના એલ્યુમની એસોસિએશન, એન. એસ. એસ. યુનિટ અને સૂર્યબાલા સેવા સંસ્થાન, અમદાવાદ દ્વારા તા. ૧૯.૦૯.૨૦૨૧ ના રોજ રક્તદાન કેમ્પ નું કાંકરીયા તળાવ, અમદાવાદ ખાતે આયોજન કરાયું હતું.

આ કાર્યક્રમ માં સંસ્થા ના અધ્યાપકગણ, ભુતપૂર્વ વિદ્યાર્થીઓ, હાલ ના વિદ્યાર્થીઓ, એન એસ એસ ના સ્વયંસેવક અને સૂર્યબાલા સેવા સંસ્થાન ના કાર્યકર્તાઓ એ હાજર રહી કુલ ૪૬ બોટલ રક્તદાન કર્યું હતું. સાથે સાથે રક્તદાતાઓ ને આકર્ષક ભેટ આપી ને આભાર વ્યક્ત કર્યો હતો.

### સમગ્ર ભારતમાં ગૌ સેવકોને ગુજરાત મોડલ અંગે માર્ગદર્શન અપાશે.

# સમસ્ત મહાજન દ્વારા તા. ૨૭ સપ્ટેમ્બરને ગુરુવારના રોજ રાજસ્થાનની પાંજરાપોળ, ગૌશાળા, પદાધિકારીઓ, જીવદયા કાર્યકરોનું રાજસ્થાન ખાતે એક દિવસીય, પ્રવાસી મેગા સંમેલન

પાંજરાપોળ ગૌશાળા પદાધીકારીઓ જીવદયા કાર્યકરોનું રાજસ્થાન ખાતે એક દિવસીય, પ્રવાસી મેગા સંમેલન નું આયોજન સમસ્ત મહાજનના ગીરીશભાઈ શાહ તથા સાથી ટીમ દ્વારા કરાયું છે. આ સંમેલનમાં જીવદયા સંસ્થાઓને સ્વાવલંબન તરફ વાળવા, ગૌ આધારીત સાંસ્કૃતીને પુનઃસ્થાપન, ગૌચર વિકાસ, ગૌ આધારીત કૃષિ-આરોગ્ય અને પર્યાવરણર્થે જનજાગરણ, ગૌપાલન, જીવરક્ષા અંગેના વિવિધ કાયદાઓનું નિર્માણ તથા હાલના કાયદાઓના કડક અમલીકરણ, ગૌસંવર્ધનને પ્રોત્સાહન, ગૌશાળા પાંજરાપોળની આંતર માળખાકિય સુવિધાઓ ઉભી કરવા, પશુ-પક્ષીઓના આરોગ્યની જાળવણી, ભાવના અને વિજ્ઞાનનો સમન્વય, માનવ માત્રામાં પક્ષીઓ, પ્રાણીઓ પ્રત્યે વધુ કરૂણા જગાડવા, વરસાદી પાણીનો સંગ્રહ, સ્વદેશી વૃક્ષોનું વાવેતર, છોડ વૃક્ષ ન બને ત્યાં




સુધી જાળવણી, જળ સંરક્ષણ, ખેડૂત સમૃધ્ધિ, સ્વચ્છ દૂધ ઉત્પાદનોની ઉપલબ્ધી, પાકની રક્ષા માટે અહિંસક - સ્વદેશી ઉપચારો, શાકાહાર પ્રચાર-પ્રસાર સહિતના અનેકો મુદ્દા ઉપર વિસ્તૃત ચર્ચા કરાશે. ગૌશાળા સંચાલન તથા વ્યવસ્થાની સંપૂર્ણ માહિતી આપવામાં આવશે.

સમસ્ત મહાજન દ્વારા ગુજરાતની ૨૪૨ પાંજરાપોળોને સ્વાવલંબી બનાવવા માટે છેલ્લા ૧૦ વર્ષથી અતિ દુષ્કર કાર્ય

### રાજસ્થાન સરકારના ખાણ અને ગૌ સેવા મંત્રી પ્રમોદ ભાયા જૈન ખાસ ઉપસ્થિત રહેશે.

સમસ્ત મહાજન કરી રહયું છે. ગુજરાત તથા મહારાષ્ટ્રમાં અસંખ્ય કાર્યો કરીને બે વર્ષ અગાઉ રાજસ્થાનના બારમેર તથા જેસલમેર જિલ્લામાં ભયંકર દુષ્કાળ તથા અસંખ્ય પશુ-પક્ષીઓના વિનાશ થઈ રહયા હતાં તેવા સમયે સમસ્ત મહાજન દ્વારા ઘાસચારાની વ્યવસ્થા કરીને એક સુંદર ઉદાહરણ પૂરું પાડયું છે. રાજસ્થાનમાં છેલ્લા વર્ષોમાં ૨૦ એકરથી વધારે જમીનને ડેવલોપમેન્ટ તથા ૧૦૦ થી પણ વધારે તળાવનું નિર્માણ કાર્ય કરીને જળક્રાંતિનું એક સુંદર કાર્ય કર્યુ હતું, ૨૦ હજાર એકર જમીનમાં બાવળના ઝાડને જડમૂળથી કાઢીને તે જમીન ગૌચર માટે ફળદ્રુપ બનાવી છે. ૫૦૦ વર્ષ સુધી ટકી રહે તેવા દેશી વૃક્ષોનું વાવેતર રાજસ્થાનના રણપ્રદેશમાં કર્યુ છે.

તા. ૨૩, સપ્ટેમ્બર-૨૦૨૧, ગુરૂવારના રોજ સવારે ૦૯–૦૦ ઓસીયાથી ટાપુ, ગૌચર દર્શન માટે રવાના થશે તથા સવારે ૧૦-૦૦ કલાકે ઓસીયા ટાપુ પર પહોંચીને ગૌચર દર્શન તથા ૩૦ મીનીટ ગૌચર વિશે વાર્તાલાપ થશે. ઓસીયા ટાપુથી સવારે ૧૦-૩૦ થી રવાના થઈને ૧૧-૩૦ કલાકે શ્રી ગોપાલ ગૌશાળા ઓસીયા પહોંચશે.

જયાં શ્રી ગોપાલ ગૌશાળા ઓસીયા ડીસ્પેન્સરીનું ઉદઘાટન, ગૌ પૂજા અને વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું છે તથા ૧૧-૩૦ થી ૧૨-૩૦ વાગ્યા દરમ્યાન ભોજન-પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યાંથી ઓસીયાના ભેસર તળાવ માટે ૧૨-૩૦ કલાકે રવાના થવાનું રહેશે. જયા તળાવ પુજાનો કાર્યક્રમ બપોરે ૨-૩૦ વાગ્યે રાખવામાં આવ્યો છે. ત્યારબાદ એક દિવસીય સંમેલનની પુર્ણાહુતી પશે. આ કાર્યક્રમમાં રાજસ્થાન સરકારના ખાણ અને ગૌસેવા મંત્રી પ્રમોદ ભાયા જૈન ખાસ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

વિશેષ માહિતી માટે નટવરજી થાનવી (મો.૯૪૧૪૫ ૩૦૨૨૫), ઓમપ્રકાશ બુબ (મો.૯૪૬૧૫ ૯૫૫૨૧), પુખરાજ જૈન (મો. ૯૮૨૯૬ ૩૦૨૧૧). ખુશાલચંદ જૈન (મો. ૯૪૧૩૮ ૭૭૪૪૪), મોહનચંદ રાઠી (મો.૯૪૧૪૬ ૦૨૧૯૫), હરનારાયણજી સોની (મો. ૯૪૧૪૪ ૧૩૦૭૫), હીરારામજી ગોદારા (મો. ૯૪૪૪૦ ૬૦૪૦૧) નો સંપર્ક કરવા ગીરીશભાઈ શાહ (મો.૯૮૨૦૦ ૨૦૯૭૬), દેવેન્દ્ર જૈન (મો. ૯૮૨૫૧ ૨૯૧૧૧), મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯) ની યાદીમાં જણાવાયું છે.

# દહેગામ તાલુકાના કડાદરા ગામની જમીનનો ગણોતધારાની કલમ- ૩૨ પી હેઠળ કાયમી નિકાલ કરવા અંગે જાહેરનામુ

ગાંધીનગરઃ

મુંબઇ ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા અધિનિયમ – ૧૯૪૮ મુજબ ગણોતધારાની કલમ – ૩૨-ગ ની તપાસમાં જે ગણોતીયા જમીન ખરીદ કરવાની ના પાડે કે હાજર ન રહે તેવા સંજોગોમાં જમીનની ખરીદી બિનઅમલી જાહેર કરી જમીનનો કબજો સરકાર પક્ષે લઇ જમીનનો ગણોતધારાની કલમ- ૩૨- પી હેઠળ કાયમી ધોરણે નિકાલ કરવાના થાય છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના કડાદરા ગામની ગણોતધારાની કલમ- ૩૨ પી હેઠળ કાયમી નિકાલ કરવા અંગેનું જાહેરનામું દહેગામ તાલુકાના મામલતદાર અને કૃષિ પંચ દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. આ જમીનની કિંમત જિલ્લા કલેકટરશ્રી ર્ડા. કુલદીપ આર્ય દ્વારા નક્કી કરવામાં આવી છે.

મુંબઇ ગણોત વહીવટ અને ખેતીની જમીન નિયમો ૧૯૫૬ નિયમો ૨૧(૧) મુજબ જણાવેલી વ્યક્તિઓ અને મંડળોને જે ગામમાં સંબંધ ધરાવતી જમીન આવી હોઇ તે ગામમાંથી અથવા તે ગામની નજીકના કોઇ ગામમાંથી જેનો ગણોત વહીવટ સમાપ્ત કરેલ હોઇ અને જે જમીન ખરીદવા ખુશી હોઇ ગણોતીયાને. જે સહકારી કૃષિ મંડળીઓના સભ્યો, ખેત મજુરો ભૂમિહીન વ્યક્તિઓ અથવા નાના જમીન ધારણ કરનાર અથવા એ બધામાંથી એકત્ર થયેલી વ્યક્તિઓનો સમૂહ હોય તે સહકારી કૃષિ મંડળીઓને. ખેત મજુરોને, ભુમિહીન વ્યક્તિઓને, નાની જમીન ધારણ કરનારાઓને, જે ખેડૂતો માલિક અથવા ગણોતીયા તરીકે અથવા અંશતઃ માલિક અને અંશતઃ ગણોતીયા તરીકે પોષણક્ષમ જમીન કરતા ઓછી જમીન ધારણ કરતા હોઇ અને કારીગરો હોઇ તે ખેડૂતોને સહકારી કૃષિ મડળીઓને, જે ખેડૂતો માલિક અથવા ગણોતીયા તરીકે અથવા અંશતઃ માલિક અને અંશતઃ ગણોતીયા તરીકે પોષણક્ષમ જમીન કરતા ઓછી જમીન ધારણ કરતા હોઇ અને કારીગરો હોઇ તે ખેડૂતોને. બીજી સહકારી કૃષિ મંડળીઓને, જે ખેડૂતો માલિક અથવા ગણોતીયા તરીકે અથવા અશતઃ માલિક અને અશતઃ ગણોતીયા તરીકે પોષણક્ષમ જમીન કરતા ક્ષેત્રફળમાં વધારે મોટી હોઇ પણ ટોચમર્યાદા વિસ્તાર કરતા ઓછી જમીન ધારણકર્તા હોય તે ખેડૂતોને અને ખેડૂતો સિવાયની ખેતીનો ધંધો કરવા માંગતી હોય તે વ્યક્તિઓને. આવી વ્યક્તિ અથવા મંડળી અનુસુચિમાં તેની સામે જણાવેલી કિંમત ખરીદવા માટે ખુશી છે કે કેમ ? તે બાબત કલેકટરને પહેલા લેખિત જણાવવી આવી કિંમત કલમ – ૩૨ પી ની પેટા કલમ(૫) મુજબ કલેકટર નક્કી કરે તેવા વાર્ષિક હપ્તાઓમાં ભરવાની થશે.

જે અંતર્ગત દહેગામ તાલુકાના કડાદરા ગામની રી. સર્વે નંબર – ૮૨૧, જુનો. સર્વે નંબર- ૫૭૬, ક્ષેત્રફળ હે.આરે.ચો.મી ૦-૫૮-૬૪, આકાર રૂ./ પૈસા ૨-૭૫ કલેકટરશ્રીએ નક્કી કરેલ કિંમત ૫૨૫/- રૂપિયા છે, તેવું મામલતદાર અને કૃષિ પંચ, દહેગામ (ઇ.ચા.) જણાવ્યું છે.

## અરવલ્લીના ધનસુરા ખાતે યુવા ઉત્સવ ઓનલાઈન તથા ઓફલાઈન સ્પર્ધા ૨૧ સપ્ટેમ્બરે યોજાશે

મોડાસા-અરવલ્લી બ્યુરો

ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન અરવલ્લી જીલ્લા કચેરીની યુથબોર્ડ શાખા દ્વારા તાલુકા, જીલ્લા, રાજય, પ્રદેશ તેમજ રાષ્ટ્રકક્ષાની યુવા ઉત્સવની સ્પર્ધાઓ યોજાનાર છે.

જે અંતર્ગત જીલ્લા રમત ગમત અધિકારીની કચેરી દ્વારા જીલ્લાકક્ષા યુવા ઉત્સવ ઓનલાઈન તથા ઓફલાઈન સ્પર્ધાનું આયોજન અરવલ્લીના ધનસુરાની શ્રી જે.એસ. મહેતા હાઈસ્કૂલ ખાતે તા. ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ યોજાશે. જેમાં અરવલ્લી જીલ્લાના તમામ તાલુકાના તાલુકા કક્ષાએ યુવા ઉત્સવમાં વિજેતા થયેલા કલાકારોને ભાગ લેવા માટે આધારકાર્ડ સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે.

## અમદાવાદ જિલ્લામાં

# વાહકજન્ય રોગ નિયંત્રણ માટે હાઉસ ટુ હાઉસ ફીવર સર્વેલન્સ અને પોરાનાશક કામગીરીની મેગા ડ્રાઇવ હાથ ધરાઇ

## અમદાવાદ જિલ્લાના ૪૬૬ ગામમાં ૭૭૨ ટીમ દ્વારા કામગીરી કરવામાં આવી : સ્થળ પર જ પોરાનો નિકાલ કરવામાં આવ્યો.



પ્રવર્તમાન વરસાદની પેટર્નને ધ્યાને લઇ અને વાહકજન્ય ડેન્ગ્યુ,મેલેરીયા, ચીકનગુનિયા જેવા રોગોના કેસાં વધારો થતા અમદાવાદ જિલ્લાના વિવિધ ગામોમાં પોરાનાશક કામગીરી અને હાઉસ ટુ હાઉસ ફીવર સર્વેલન્સ કામગીરી હાથ ધરાઇ હતી. .

જે અંતર્ગત અમદાવાદ જિલ્લાના ૪૬૬ ગામમાં એક સાથે ૪૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ૨૧૫ પેટા આરોગ્ય કેન્દ્રના વિસ્તારમાં ૪૦ મલ્ટી પર્પઝ હેલ્થ સુપરવાઇઝર , ૪૦ આયુષ તબીબી અધિકારી , ૪૦ તબીબી અધિકારી, તાલુકા હેલ્થ સુપરવાઇઝરો, તાલુકા હેલ્થ અધિકારીઓ, જિલ્લા મેલેરીયા અધિકારીના મોનીટરીંગ અને સુપરવિઝન હેઠળ ૯૧૬ ટીમ દ્વારા હાઉસ ટુ હાઉસ ફીવર સર્વેલન્સ તેમજ પોરાનાશક કામગીરીની મેગા ડ્રાઇવ હાથ ધરવામાં આવી હતી.

અમદાવાદ જીલ્લાની કુલ વસ્તી ૧૬૬૭૬૦૮ માંથી ૧૨૯૯૩૨૪ વસ્તી અને ૨૭૭૯૩૫ ઘરોમાંથી ૨૨૯૩૯૩ ઘરો આવરી લેવામાં આવ્યા હતાં. સર્વેલન્સ દરમિયાન ૯૨૫ પોઝિટિવ પાત્રો મળ્યા હતા. જેનો કર્મચારીઓ દ્વારા દવા નાખીને સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો. સર્વેલન્સના પહેલા દિવસે જે ઘર અને વસ્તી બાકી રહી ગયેલ છે તે બીજા દિવસે આવરી લેવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ જીલ્લામાં ઝુંબેશમાં તમામ આરોગ્ય કર્મચારીઓ જેવા કે ૧૮૦ મ.પ.હે.વ. ૧૬૦ એફ.એચ.ડબલ્યુ, ૯૦ સી.એચ.ઓ. તેમજ ૧૧૮૯ આશા બહેનો અને આશા ફેસીલીટર દ્વારા સઘન કામગીરી કરવામાં આવી હતી તેમ જિલ્લા મેલેરીયા અધિકારી નરેન્દ્ર સિંહ રાઠોડે જણાવ્યું હતું.

# પ્રાથમિક શિક્ષકોએ જૂની પેન્શન યોજનાનો લાભ મેળવવા અનોખો વિરોધ : ધારાસભ્યોને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

રાજયમાં પ્રાથમિક શાળામાં ૦૧-૦૪-૦૫ પછી નોકરીમાં જોડાયેલ શિક્ષકનો જૂની પેન્શન યોજનાનો લાભ મળે તે હેતુસર નવી પેન્શન યોજના બંધ કરવાની માંગ સાથે તાલુકા મથકોએ પ્રાથમિક શિક્ષક સંઘના નેજા હેઠળ ધારાસભ્યોને આવેદનપત્ર આપી ન્યાની માંગ કરી રહ્યા છે મોડાસા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘે મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરને આવેદનપત્ર આપી જૂની પેન્શન યોજના ચાલુ કરીને નવી પેન્શન યોજનામાંથી મુક્તિ આપવાની માંગણી કરી હતી.

મોડાસા તાલુકા પ્રાથમિક શિક્ષણ સંઘના હોદ્દેદારોના જણાવ્યા મુજબ ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ રાષ્ટ્રીય સ્તર ઉપર અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ સાથે જોડાયેલું છે.રચનાત્મક અભિગમ સાથે શિક્ષણમાં સારા પરિણામ મેળવવા માટે રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે સંગઠનો કામ કરી રહ્યા છે.સરકાર દ્વારા ૧/૪/૨૦૦૫ થી નવી પેન્શન યોજના શરૂ કરવામાં આવી છે.

આ પેન્શન યોજના મુજબ ૩૦ થી ૩૫ વર્ષની નોકરી પૂર્ણ કરીને નિવૃત્ત થનારા શિક્ષકોને નજીવી રકમ મળવાપાત્ર થાય છે,જેમાં નિવૃત્ત થનાર શિક્ષક પરીવારનું ગુજરાન ચલાવવું પણ મુશ્કેલ થાય તેમ છે.જેને પગલે જૂની પેન્શન યોજના લાગુ કરવાની માંગણી સાથે રાષ્ટ્રપતિ, વડાપ્રધાન તેમજ રાજ્યના શિક્ષણ મંત્રીને રજૂઆત સાથે આંદોલનો પણ કરવામાં આવ્યા છે.ત્યારે પ્રાથમિક શિક્ષકોના આ પ્રશ્ને સરકારમાં રજૂઆત કરીને અસરકારક પરિણામ અપાવવાની માંગણી સાથે મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરને આવેદન પત્ર આપ્યું હતું.

# આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે પૂર્વ મંત્રી શ્રી કૌશિકભાઇ પટેલની મુલાકાત લઇ સ્વાસ્થ્ય પૃચ્છા કરી



આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ ભાઈ પટેલે અમદાવાદ સિવિલ મેડિસીટીની કિડની હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ભારતીય જનતા પાર્ટી ના વરિષ્ઠ અગ્રણી અને પૂર્વ મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલના સ્વાસ્થ્યના ખબર અંતર પૂછવા તેમની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. આરોગ્યમંત્રીશ્રી એ શ્રી કૌશિકભાઈ પટેલની સારવાર કરી રહેલા તબીબો સાથે પણ વાતચીત કરી હતી અને વિગતો જાણી હતી.

હાલ શ્રી કૌશિકભાઈ પટેલ સંપૂર્ણપણે સ્વસ્થ છે. ટૂંક સમયમાં જ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ લઈ સ્વગૃહે પરત થશ.ત્યારબાદ આરોગ્ય મંત્રી શ્રી એ કિડની અને યુ.એન.મહેતા હોસ્પિટલના ડાયરેક્ટર શ્રીઓ સાથે સ્વાસ્થ્ય વિષયક સેવાઓ, ઉપલબ્ધ સુવિધાઓ, તેમની જરૂરિયાત સંલગ્ન ચર્ચાઓ પણ કરી હતી.આ વેળાએ કિડની હોસ્પિટલના ડાયરેક્ટર શ્રી વિનીત મિશ્રા, યુ.એન.મહેતાના ડાયરેક્ટર શ્રી આર. કે. પટેલ આરોગ્ય મંત્રીશ્રી સાથે ઉપસ્થિત રહ્યા હતા. - અમિતસિંહ ચૌહાણ

# વિરમગામ ખાતે મિસિસ યુનાઈટેડ નેશન્સ નીપા સિંઘ દ્વારા વાહકજન્ય રોગ નિયંત્રણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ

વિરમગામ ખાતે મિસિસ યુનાઇટેડ નેશન્સ (૨૦૧૭) નીપા સિંઘ દ્વારા સગર્ભા બહેનો, આશા બહેનો સહિતના લોકોને વાહકજન્ય રોગ નિયંત્રણ અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. નીપા સિંઘ દ્વારા લોકોને મચ્છર ઉત્પત્તિ સ્થાનોનો નાશ કરવા અને મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા સહિતના મચ્છરજન્ય રોગોથી બચવાના ઉપાયો સમજાવવામાં આવ્યા હતા.

તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ ખાતે આયોજિત કાર્યક્રમમાં ખાતે મિસિસ યુનાઇટેડ નેશન્સ (૨૦૧૭) નીપા સિંઘ, નીલકંઠ વાસુકિયા, ગૌરીબેન મકવાણા સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે, રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત ૨૦૨૨ સુધી ગુજરાત અને ૨૦૩૦ સુધીમા સંપૂર્ણ ભારત મેલેરિયા મુક્ત બને તેવા ઉદેશ્ય સાથે અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામેલિયા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.શૈલેષ પરમાર અને અમદાવાદ જિલ્લા મેલેરિયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડ, તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલાના માર્ગદર્શન મુજબ વિરમગામ સહિત અમદાવાદ જીલ્લામાં આરોગ્ય વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ દ્વારા વાહક જન્ય રોગ નિયંત્રણ કામગીરી કરવામાં આવી રહી છે.

ઉલ્ટી ઉબકા થાય, માથામાં દુખાવો થાય, શરીરમાં કળતર થાય, ઠંડી અને ધ્રુજારી સાથે તાવ આવે જેવા કોઇ પણ લક્ષણો જોવા મળે તો નજીકના સરકારી દવાખાનામાં જઇને નિઃશુલ્ક લોહીની તપાસ કરાવવી જોઈએ. મેલેરીયાથી બચવા માટે પાણીના ખુલ્લા વાસણો હવા ચુસ્ત ઢાંકણથી ઢાકીને રાખવા. પાણીની ટાંકી, ફુલદાની, કુલર, ફ્રીજની ટ્રે અઠવાડીયામાં એક વખત અવશ્ય સાફ કરો. ઘરની આસપાસ પાણી ન ભરાવા દો. પાણીના ખાડા ખાબોચીયા પુરી દો અથવા તો વહેવડાવી દો. કોઇ પણ તાવ મેલેરીયા હોય શકે છે. મેલેરીયાનો ફેલાવો મચ્છરથી જ થાય છે એટલે મચ્છરની ઉત્પત્તિ અટકાવશો તો મેલેરીયા થતો રોકી શકાશે.

## ભારતીય જનતા પાર્ટીના નવીન કાર્યાલયના બાંધકામ માટે

# એક લાખ રૂપિયાનું અનુદાન કરતાં બાયાડ - માલપુરના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા




અરવલ્લી

આજરોજ બિહાર જમુઇના ધારાસભ્ય અને ગુજરાત પ્રદેશ યુવા મોરચાના સહ પ્રભારી શ્રેયાંસી બેન તેમજ પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ પ્રશાંતભાઇ કોરાટની ઉપસ્થિતિમાં અરવલ્લી જિલ્લા યુવા મોરચા દ્વારા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું...

જે પ્રસંગે ભારતીય જનતા પાર્ટીના નવીન કાર્યાલયના બાંધકામ પેટે બાયડ - માલપુરના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ અરવલ્લી જિલ્લા પ્રભારી જયશ્રીબેન દેસાઈ તથા ગીરીશભાઇ જગાણીયા ની ઉપસ્થિતિમાં જિલ્લા સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલ અને યુવા મોરચાના પ્રમુખ અમિતભાઇ પટેલને એક લાખ રૂપિયાનો ચેક અર્પણ કર્યો હતો....

# માણાવદર તાલુકામાં અતિવૃષ્ટિથી ખેડૂતોના પાકનું મબલખ ધોવાણ તાકીદથી સર્વે કરવા કોંગ્રેસની માગણી

(જીગ્નેશ પટેલ દ્વારા)

માણાવદર તાલુકામાં આ વર્ષે સૌથી વધારે વરસાદ પડ્યો છે છેલ્લા દસ દિવસ દરમિયાન પડેલા અતિ ભયંકર વરસાદે પૂર જેવી સ્થિતિ પેદા કરી હતી અને અધૂરામાં પૂરું હતું તે છલકાયેલા ડેમોના પાટીયા ખોલી નખાતા નીચાણવાળા વિસ્તારો જેવા કે બાટવા નીચેના અસંખ્ય ગામો તથા ભાદર ઓઝત નદીના કાંઠાના ગામડાઓમાં ભારે તબાહી સર્જાઇ છે ખેતરોનુ તો સાવે જ ધોવાણ થતાં વાવેતરનો સોથ વળી ગયો છે.બાટવા ખારા ડેમ નીચે આવતા ગામડાંઓમાં અતિવૃષ્ટિથી અનેક ડેમોના પાણી છોડવાથી ખેતી તથા જીવન જરૂરિયાતની વસ્તુઓને મોટે પાયે નુકસાન થયું છે સરકાર દ્વારા હજુ સુધી આ વિનાશકારી તબાહી બાબતનો કોઈ જાતનો સર્વે થયો નથી

આ અંગે માણાવદર તાલુકા કોંગ્રેસના પ્રમુખ અરવિંદભાઈ લાડાણીએ મામલતદારને એક આવેદનપત્ર પાઠવતા જણાવ્યું છે કે તાત્કાલિક ધોરણે ખેતી ધોવાણ અને પાકની નુકસાનીનો સરવે કરવામાં આવે તથા જેના ઘરમાં પાણી ઘૂસી ગયા છે તે લોકોને વળતર ચૂકવવામાં આવે અને બરબાદ થયેલી ખેતીની જમીન અને પાકને નુકશાની પેટે પ્રત્યેક ખેડૂત ને તથા ખેત મજુરોને ૩૦૦ રૂપિયા લેખે કેશડોલ ચૂકવવામાં આવે.લાડાણીએ વધુમાં જણાવેલ છે કે હોનારતના કાયમી ઉકેલ માટે ભાદર નદી ઓજત નદી તથા બાટવા ખારા ડેમ નીચે આવતી શાક નદીને ઊંડી ઉતારી તેને પહોળી કરવાની આવશ્યકતા છે તથા ડુબમાં આવતા રસ્તાઓને ઊંચે લઈ જરૂર લાગે ત્યાં પુલીયા અને નાળા બનાવાય તો હોનારતો માથી થોડી-ઘણી રાહ તો જરૂર મળે ભાદર નદી અને ઓઝત નદીના તૂટી ગયેલા પાળાઓનું તાત્કાલીક સર્વે કરાવી સિમેન્ટ ક્રોંકીટની પાકી સંરક્ષણ દીવાલ બનાવવાની જરૂર છે તથા માણાવદર તાલુકાનાં ભીંડોરા, ગણા, વડા, વેકરી, મરમઠ, સરાડીયા દેશીંગા, ચીખલોદ્રા થાપલા, સમેગા, કોડવાવ અને ભલગામ વગેરે ગામોનો ધેડ પછાત યોજનામાં સમાવેશ કરવો વગેરે બાબતની રજૂઆતો મુખ્યમંત્રીને કરવામાં આવી છે. આવેદનપત્ર આપતી વેળાએ જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ દિલીપભાઈ જેસાણી, માણાવદર શહેર કોંગ્રેસ પ્રમુખ વિજયભાઈ ઝાટકીયા, બાટવા શહેર કોંગ્રેસ પ્રમુખ અરવિંદભાઈ રાઠોડ, કોંગ્રેસ અગ્રણી જીગ્નેશભાઈ છૈયા, વિરમભાઈ ખોડભાયા માજી સરપંચ વેકરી, ભરતભાઈ ડાંગર વગેરે હાજર રહ્યા હતા

રીપોર્ટર જીગ્નેશ પટેલ માણાવદર



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી તરીકેનો પદભાર સંભાળ્યા બાદ આજે નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદજી અને ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ ની સૌજન્ય શુભેચ્છા મુલાકાત લીધી હતી.ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દિલ્હી ખાતે સૌજન્ય-શુભેચ્છા મુલાકાત લીધી હતી.

# સ્વદેશી માઈક્રો પ્રોસેસીંગ ચેલેન્જમાં જીટીયુ ઈક્યુબેટર્સના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટે ટોપ-૧૦ માં સ્થાન પ્રાપ્ત કર્યું

આત્મનિર્ભર ભારત અભિયાનને વેગ મળે અને સ્વદેશી ટેક્નોલોજી થકી વિવિધ સમસ્યાનું સમાધાન થાય તે હેતુસર, તાજેતરમાં મીનીસ્ટ્રીઝ ઑફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન એન્ડ ટેક્નોલોજી દ્વારા સ્વદેશી માઈક્રો પ્રોસેસીંગ ચેલેન્જ યોજવામાં હતી. જેમાં ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) સંચાલિત અટલ ઈનોવેશન સંકુલના (એઆઈસી) ઈક્યુબેટર્સ રુદ્રી પંડ્યા અને કવન ધમસાનિયા દ્વારા નિર્મિત IOT આધારીત સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટે ૬૧૬૯ ટીમમાંથી ટોપ-૧૦માં સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ગ્લોબલ વોર્મિંગ એ સમગ્ર વિશ્વની પડકાર જનક સમસ્યા છે. વર્તમાન સમયમાં ભારત જેવા વિકાસશીલ દેશમાં ઔદ્યોગીક એકમ અને ઘરગથ્થુ વપરાશથી ઉત્તપન્ન થતાં વિવિધ પ્રકારના ધન , પ્રવાહી અને રાસાયણીક કચરાનો યોગ્ય નિકાલ થવો ખૂબ જ જરૂરી છે. આ ઉપરાંત તેમાં વપરાયેલ પાણીનો પણ પુનઃઉપયોગ શક્ય બને તે માટે આ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ મહત્વનો ભાગ ભજવે છે.

આ સંદર્ભે જીટીયુના કુલપતિ પ્રો. ડૉ. નવીન શેઠે જણાવ્યું હતું કે , ઘરગથ્થુ વપરાશથી ઉત્તપન્ન થતાં રાસાયણીક કચરાનો યોગ્ય નિકાલ થવો ખૂબ જ જરૂરી છે. આ પ્રકારના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટથી સ્વચ્છ ભારત અભિયાનને વેગ મળશે અને ૯૫% જેટલું પાણી પુનઃઉપયોગમાં લઈ શકાય છે.

આઈઆઈટી મદ્રાસ અને મીનીસ્ટ્રીઝ ઑફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન એન્ડ ટેક્નોલોજીના સંયુક્ત ઉપક્રમે આયોજીત આ સ્પર્ધામાં કુલ ૬૧૬૯ ટીમોએ ભારતભરમાંથી ભાગ લિધો હતો. જીટીયુ એઆઈસીના ઈક્યુબેટર્સ દ્વારા નિર્મિત સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટને આ સ્પર્ધામાં છઠ્ઠુ સ્થાન પ્રાપ્ત થયું છે. આ ચેલેન્જમાં ટોપ-૧૦માં સ્થાન પ્રાપ્ત કરનાર જીટીયુ રાજ્યની એકમાત્ર ટીમ છે. આ સંદર્ભે રૂદ્રી પંડ્યાએ જણાવ્યું હતું કે, સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB) દ્વારા નક્કી કરાયેલ ધરાધોરણે પ્રમાણે દરેક ઔદ્યોગીક યુનિટમાંથી નિકળતાં ધન- પ્રવાહી રાસાયણીક કચરામાં રહેલ બાયોલોજીકલ ઑક્સિજન ડિમાન્ડ (BOD) અને કેમિકલ ઑક્સિજન ડિમાન્ડની (COD) માત્રા અનુક્રમે ૧૦ અને ૫૦ મીલીગ્રામ પ્રતિ લિટર સુનિશ્ચિત કરવામાં આવેલી છે. આમારા દ્વારા નિર્મિત સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં જો ૩૫૦ mg/l BOD અને ૫50mg/l COD ઈનપુટ કરવામાં આવે તો, ૐૠ ધરાધોરણ પ્રમાણે જ COD 25 mg/l અને BOD 10 mg/l આઉટપુટમાં મળશે. જેનાથી ઔદ્યોગીક એકમોમાંથી છોડવામાં આવતાં પ્રવાહીમાં ર્ઝ્ઢમાં મળતાં હાઈડ્રોકાર્બન , યુરીયા , આલ્કોહોલ અને ર્ઝ્ઢમાં વધતાં બેક્ટેરીયા વગેરેનું યોગ્ય પ્રમાણમાં જ નિકાલ થશે.

આ ઉપરાંત સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી પસાર થયેલ ૯૫% પાણીનો પુનઃ ઉપયોગ બાગ-બગીચા તેમજ પીવા સિવાય તમામ પ્રકારના કાર્યોમાં કરી શકાય છે. પ્લાન્ટના દરેક નોડની આઉટ લાઈન પર IOT બેઝ્ડ્સ વોટર સેન્સર્સ પણ લગાવવામાં આવેલ છે. જેનાથી સુએજ લાઈનમાં જો કોઈ પણ જગ્યાએ બ્લૉકેજ હોય તો પણ તેને જાણીને દૂર કરી શકાય છે. મશીન લર્નિંગનો ઉપયોગ થયેલ હોવાથી પ્લાન્ટનું સંચાલન સત્વરે અને આર્થિક રીતે પરવડે તે રીતે કરી શકાશે. આ ઉપરાંત ડિજીટલ ઉપકરણથી પણ તેનું સંચાલન કરવા માટે જે –તે સ્થળ પર હાજર રહેવું આવશ્યક નથી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.